જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૨૦-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૮ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

નરેન્દ્ર મોદીએ કુંડલી-માનેસર-પલવલ એક્સપ્રેસ-વેનું ઉદ્ઘાટન કર્યું

પહેલા પ્રતિદિન ૧૨ કિમીનો હાઈવે બનતો, હવે ૨૭નો : પી એમ મોદી

એક્સપ્રેસ-વેથી પ્રદુષણ ઘટશે, બલ્લભગઢ મેટ્રોનું પણ થયું ઉદ્ઘાટન



દિલ્હી-ગુરુગ્રામ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૯ નવેમ્બરે ગુરૂગ્રામમાં કુંડલી-માનેસર-પલવલ (કેએમપી) એક્સપ્રેસ-વેનું ઉદ્ઘાટન કર્યું. કુંડલી-માનેસર-પલવલ એક્સપ્રેસ-વેનું નિર્માણ દિલ્હીમાં પ્રદુષણ ફેલાવતા વાહનોનો ભાર ઓછો કરવાના ઉદેશ્યથી કરવામાં આવ્યો છે. આ વેસ્ટર્ન પેરીફેરલ એક્સપ્રેસ પણ કહેવામાં આવે છે.

પીએમ મોદીએ કહ્યું કે એક્સપ્રેસ-વે માટે ખુબ-ખુબ અભિનંદન. આ પ્રોજેક્ટની સાથે જે પણ થયું તે ભ્રષ્ટાચારનું ઉદાહરણ છે. પીએમ મદીએ કહ્યું કે કામ કરનાર લોકો પણ તે જ છે, પરંતુ જ્યારે ઈચ્છાશક્તિ હોય, સંકલ્પશક્તિ હોય, તો કોઈપણ લક્ષ્ય હાંસલ કરી શકાય છે. આ કારણ છે કે જ્યાં વર્ષ ૨૦૧૪ પહેલા દેશમાં એક દિવસમાં માત્ર ૧૨ કિલોમીટર હાઈવે બનતો હતો, આજે લગભગ ૨૭ કિલોમીટર હાઈવે પ્રતિદિવસ નિર્માણ થઈ રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે અટકાવનાર, લટકાવનાર અને ભટકાવનારની સંસ્કૃતિએ હરિયાણાનો વિકાસ રોક્યો હતો. જો તેને સમય પર પુરો કરવામાં આવ્યો હોત તો દિલ્હીમાં ટ્રાફિકનો આજે આ હાલ ન હોત. હરિયાણાના બલ્લભગઢ પણ હલે મેટ્રોના નકશા પર આવી રહ્યું છે. બલ્લભગઢનું મેટ્રો લિંકથી સમય અને પૈસા બચશે.

પીએમ મોદીએ કહ્યું કે આ વેસ્ટર્ન પેરીફેરલ એક્સપ્રેસ-વે દ્વારા પ્રદુષણથી લડવામાં મદદ મળશે. આનાથી પ્રદુષણ ઘટશે. આ કારણથી આ એક્સપ્રેસ વે અર્થવ્યવસ્થા, પર્યાવરણ, પર્યટન અને રહન-સહનમાં મદદ મળશે.

કુંડલીથી માનેસરનો આ ભાગ ૮૩.૩૨૦ કિલોમીટર લાંબો છે. ૪ આરઓબ, ૧૪ નાના મોટા પુલ મળીને, ૫૬ એગ્રીકલ્ચર વ્હીક્યુલર અંડરપાસ અને અન્ય અન્ડરપાસ, ૭ ઈન્ટરસેક્શન અને ૭ ટોલ પ્લાઝા બનાવવામાં આવ્યા છે. આ ભાગ પર મીડિયનની પહોળાઈ ૮ મીટર રાખવામાં આવી છે. કેએમપી એક્સપ્રેસવે, જે પ્રથમ મુસાફરો માટે ખોલવામાં આવ્યો હતો, તેની લંબાઈ લગભગ ૫૨.૩૩૦ કિ.મી. છે, જેના પર ૩૨ એગ્રીકલ્ચરલ વ્હીક્યુલર અંડરપાસ અને અન્ય અન્ડરપાસ, ૩ ઈન્ટરસેક્શન અને ૪ ટોલ પ્લાઝ બનાવવામાં આવ્યા છે. માનેસરથી પલવલના આ ભાગ પર ૧૫ જુલાઈ ૨૦૧૮ના રોજ ટોલ કલેક્શનનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. આ એક્સપ્રેસ-વેને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે લાઈટ વ્હીકલ પ્રતિ કલાક ૧૨૦ કિ.મી. અને ભારે વાહનો ૧૦૦ કલાક પ્રતિ કલાક કિલોમીટરની સ્પીડથી ચાલી શકે છે.

નેશનલ હાઇવે પર આવેલ હોટલો બાબતે કાયદાની પ્રક્રિયામાં હાઇવે ઓથોરિટીની ભૂમિકા શુ ?

- વલસાડ થી ગુજરાત ની બોર્ડરો સુધી બિલાડીના ટોપ ની જેમ ફૂટી નીકળેલી હોટલો માટે નેશનલ હાઈવે ઓથોરિટી ની કોઈ જોગવાઈ કે નીતિ નિયમ ખરા ? એ બાબતે ગુજરાત સરકાર કોઈ તપાસ કરાવે છે કે લાલીયાવાડી જ છે ?
- ગુજરાત હાઇવે પર આવેલી અધધધ હોટલો ની જરૂરિયાત છે? કે તંત્ર લીલી નોટો ની લ્હાય માં આડેધડ પરમિશનો આપેછે? શુ આ હોટલો માત્ર ગ્રાહકો ને સંતોષ આપવા માટે છે કે લૂંટવા માટે? ગુજરાત એસ ટી નિગમ ની બસો કઈ હોટલ પર ઉભી રાખવી જે અંગે કોઈ જાહેર જનતા કે મુસાફરો ને સરકાર કે એસટી તંત્ર સમાચાર પત્રો માં લિસ્ટ પ્રસિદ્ધ કરે છે કે ડ્રાઈવર ને મફત ભોજન ,શરાબ,કબાબ ને અન્ય (સમજી જાવ..)સુવિધાઓ પુરી પાડે ત્યાંજ રોકાય છે? વળી ગ્રાહક સુરક્ષા કે તોલમાપ વિભાગ કોઈ નિશ્ચિત ભાવ વજન વગેરે તપાસે છે કે પછી. ,તો જેતે જિલ્લા આરોગ્ય વિભાગ આવી હોટલો પર વેંચતા ખાદ્ય પદાર્થો ની ચકાસણી ઈમાનદારી થઈ કરે છે ખરા?
- આ હોટલો પર લેબર ડિપાર્ટમેન્ટ બાળમજૂરી રોકે છે કે પછી?
- આ હોટલો પર કેફી પદાર્થો નું વેચાણ તો નથી થતું ને તે જોવાની જવાબદારી પોલીસ વિભાગ સભાનતા પૂર્વક નિભાવે છે કે પછી. ?
- આ હોટલો માં વપરાતા એલપીજી સિલિન્ડર ગૃહ વપરાશ ના નથી તેની ચકાસણી પુરવઠા કરે છે કે પછી. ?
- આ હોટલો પર ગુન્હેગારો ને આશરો આપવાની પ્રવૃત્તિ તો નથી થતી ને?
- ભાઈ આ કાયદાઓ ગરીબ માટે છે હોટલ માલિકો માટે તેનું શુ વજૂદ..? જવાબદાર કોણ?

છત્તીસગઢમાં હાઈ વોલ્ટેજ બીજા ચરણના મતદાનને લઈને ઉત્સાહ

રાયપુર

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે છત્તિસગઢમાં વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. હાઈવોલ્ટેજ અને હાઇ પ્રોફાઇલ ચૂંટણીને લઈને ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત પ્રચાર દરમિયાન લગાવી દીધી હતી. આવતીકાલે મંગળવારના દિવસે ૧૯ જિલ્લાને આવરી લેતી ૭૨ સીટો પર મતદાન યોજાનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. પ્રથમ તબક્કામાં નક્સલવાદીગ્રસ્ત આઠ જિલ્લામાં ૧૨મી નવેમ્બરના દિવસે રેકોર્ડ મતદાન થયા બાદ બીજા અને અંતિમ તબક્કામાં પણ જોરદાર મતદાનની શક્યતા દેખાઇ રહી છે. બીજા તબક્કામાં કુલ ૧૧૦૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. રાયપુર સીટ સાઉથની સીટ પર સૌથી વધારે ૪૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે.

પોલીસ અધિકારીએ કહ્યું અનામત જોઈતી હોય તો મારી સાથે સૂવું પડે

અમદાવાદ

પાટીદાર અનામત આંદોલન દરમ્યાન ગત તા.૧૫-૮-૨૦૧૫ના રોજ શહેરના હેલ્મેટ સર્કલ પાસે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પાટીદારો પર પોલીસ અત્યાચારના ચકચારભર્યા કેસમાં પાસના કન્વીનર હાર્દિક પટેલ આજે ધીકાંટા ફોજદારી કોર્ટમાં હાજર રહ્યો હતો. જીએમડીસી ગ્રાઉન્ડ ઉપર થયેલા પોલીસ અત્યાચારના કેસમાં આજે હાર્દિક પટેલે મેટ્રોપોલીટન કોર્ટ નંબર-૨૩માં રૂબરૂ હાજર રહી અત્યંત વિસ્ફોટક અને સનસનીખેજ જુબાની આપતાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. હાર્દિક પટેલે પોલીસ અધિકારી અને સમગ્ર તંત્ર પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, જીએમડીસી ગ્રાઉન્ડમાં થયેલો લાઠીચાર્જ જલિયાંવાલા બાગથી કમ નથી. એ વખતે મંચ પર આંદોલન કરવા આવેલી ૨૮ વર્ષની એક મહિલાને સેક્ટર-૧ના ઉચ્ચ પોલીસ અધિકારી રાજીવ રંજને જણાવ્યું હતું કે, અનામત જોઈતી હોય તો મારી પાસે સુવા આવવું પડે. હાર્દિકની જુબાની રેકર્ડ પર લીધા બાદ અને નોંધ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ દ્વારા કેસની વધુ સુનાવણી ડિસેમ્બર માસમાં મુકરર કરી હતી. હાર્દિક પટેલે બહુ બિન્દાસ્ત રીતે રીતે પોતાની જુબાનીમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓથી માંડી સરકારી તંત્રની પોલ ખોલી નાંખતી જુબાની આપી હતી અને એ વખતે પોલીસે કેવી રીતે પાટીદાર સહિતના યુવકો અને મહિલાઓને પોલીસ અત્યાચાર અને જાતીય સતામણીનો ભોગ બનાવ્યા હતા તેની સ્ફોટક માહિતી કોર્ટ સમક્ષ રજૂ કરી હતી.

રોજ ૬૦૦ ટ્રાન્ઝેકશન અને ૫ મહિનામાં એકાઉન્ટ બંધ

અમદાવાદ

૨૬૦ કરોડનું ફુલેકું ફેરવ્યા બાદ ઠગ્સ ઓફ ગુજરાત તરીકે કુખ્યાત થયેલા વિનય શાહ અને તેની પત્ની ભાર્ગવી શાહના બેંક એકાઉન્ટની માહિતીની તપાસ કરવામાં આવી રહી છે. સીઆઈડી ક્રાઇમે આજે આ દંપતિના બેંક એકાઉન્ટની તમામ વિગતો મેળવી લીધી છે. આ બેંક એકાઉન્ટના આધારે સીઆઈડી ક્રાઇમને શંકા છે કે, વિનય અને તેની પત્નીને ગમે ત્યારે ફસાઇ જવાનો અગાઉથી જ અણસાર આવી ગયો હતો. જેથી તેમણે બેંક એકાઉન્ટમાંથી મોટી રકમ ઉપાડવાનું શરુ કરી દીધું હતુ. સીઆઈડી ક્રાઇમની તપાસમાં આજે વધુ ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા હતા કે, વિનય શાહના આ બેંક એકાઉન્ટમાંથી દરરોજ ૬૦૦ જેટલા ટ્રાન્ઝેક્શન કરવામાં આવતા હતા અને ત્યારબાદ આ એકાઉન્ટ પાંચ મહિનામાં જ બંધ કરી દેવાયુ હતું. માત્ર એટલું જ નહીં, કૌભાંડી વિનય શાહે આર્ચર કેબ નામનું એકાઉન્ટ શરૂ કર્યાના પાંચ મહિનામાં જ બંધ કરી દીધું હતું.

પાઈલટ્સની અછતને લીધે જેટ એરવેઝે ૧૦ ફ્લાઈટ્સ રદ કરતા પેસેન્જરો અટવાયા

મુંબઈ

ખાનગી ક્ષેત્રની ટોચની એરલાઈન જેટ એરવેઝે પાઈલટ્સની તંગીને કારણે મુંબઈમાં તેની ૧૦ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ રદ કરી દેતાં એરલાઈનના સેંકડો પ્રવાસીઓ અટવાઈ ગયાં હતાં.

જેટ એરવેઝ તરફથી એક નિવેદનમાં જણાવાયું હતું કે અમુક 'કામગીરીને લગતા પ્રશ્નો'ને કારણે એને મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ૧૦ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. જોકે એરલાઈનના સૂત્રોનું કહેવું છે કે આ ફ્લાઈટ્સ રદ કરવાનું કારણ પાઈલટ્સની તંગી હતું.

જેટ એરવેઝે કહ્યું કે અસરગ્રસ્ત ફ્લાઈટ્સના પ્રવાસીઓને એમની ફ્લાઈટના સ્ટેટસ અંગે એસએમએસ એલર્ટ્સ મારફત સમયસર જાણકારી આપી દેવામાં આવી હતી. રેગ્યૂલેટરે નિશ્ચિત કરેલી નીતિ અનુસાર પ્રવાસીઓને અન્ય ફ્લાઈટ્સમાં વ્યવસ્થા કરી આપવામાં આવશે અથવા પૈસાનું વળતર આપી દેવામાં આવશે.

જેટ એરવેઝે તેના પ્રવાસીઓને પડેલી અગવડતા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો.

ફ્લાઈટ્સ અચાનક રદ થવાથી એ માટે ટિકિટ બુક કરાવનાર પ્રવાસીઓ અટવાઈ ગયાં હતાં.

એરલાઈનના સૂત્રોનું કહેવું છે કે છેલ્લા કેટલાક મહિનાથી એરલાઈનમાં પાઈલટ્સની તંગી પ્રવર્તે છે.

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ભારતના નકસામાંથી જમ્મુ-કાશ્મીર ગાયબ..?!!

અલીગઢ

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી(એએમયુ)માં એક વાર ફરી વિવાદ ઉભું થયો છે. યુનિવર્સિટી પરિસરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં નાટકના પોસ્ટરમાં ભારતના નક્શામાં જમ્મુ-કાશ્મીર સામેલ કરાયું નથી. આ પોસ્ટર પર ઉભા થયેલા વિવાદ બાદ યુનિવર્સિટી પ્રશાસને સફાઇ આપતા સંબંધિત કાર્યક્રમને આગામી આદેશ સુધી સ્થગિત કર્યું છે. સાથે જ તમામ પોસ્ટર અને હોર્ડિંગને પરિસરમાંથી હટાવી લેવાયા છે. પ્રાપ્ત માહિતી મુજબ, એએમયુ કેમ્પસમાં એજ્યુકેશન સેન્ટર તરફથી એક નાટકનું આયોજન કરાયું હતું. આ નાટકના પોસ્ટર્સ પરિસરમાં લગાવવામાં આવ્યા હતા. આ પોસ્ટરમાં ભારતનો નક્શો બનાવવામાં આવ્યો હતો, જેમાં જમ્મુ-કાશ્મીરનો ભાગ ગાયબ હતો. જેને કારણે વિવાદ સર્જાયો હતો. આ મામલે યુનિવર્સિટીના પીઆરઓ શૈફી કિદવઇએ જણાવ્યું હતું કે, ડ્રામા સોસાયટી તરફથી આ પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. ભારતના થયેલા ભાગલા આ નાટકનું વિષય હતું. પોસ્ટર્સ અંગે જાણકારી મળતાની સાથે યુનિવર્સિટી પ્રશાસને તરત આ અંગે પગલુ ભર્યું હતું.

પીએનબી કૌભાંડમાં હરિભાઈ ચૌધરીનું નામ આવતા ભાજપામાં ખળભળાટ

ન્યુ દિલ્હી

પીએનબી કૌભાંડ મામલે વધુ એક મોટો ખુલાસો થયો છે. સીબીઆઈનાં ઑફિસરે સુપ્રીમ કોર્ટમાં મોટો ધડાકો કરતા બીજેપીમાં ભૂકંપ મચી ગયો છે. સીબીઆઈનાં ઑફિસરે સુપ્રીમ કોર્ટમાં ધડાકો કરતા કેન્દ્ર સરકારમાં રાજ્યકક્ષાનાં મંત્રી હરિભાઈ ચૌધરી પર લાંચ લેવાનો આરોપ મુક્યો છે. સીબીઆઈનાં ઑફિસરના મતે જૂન ૨૦૧૮માં પ્રથમ સપ્તાહમાં લાંચ આપવામાં આવી હતી. હરિભાઈ ચૌધરીએ ૨ કરોડની લાંચ લીધાનો આરોપ છે. હરિભાઈનું નામ આવતા ભાજપમાં ખળભળાટ મચી ગયો છે.

સીબીઆઈ પીએનબી કૌભાંડ કેસમાં અલગ-અલગ તપાસ ચલાવી રહ્યાં છે. સીબીઆઈના ડીઆઈજી મનીષ કુમાર સિન્હાએ એક પીટીશન દાખલ કરી છે તેમાં બે કરોડની લાંચનો ઉલ્લેખ કર્યો છે. પીટીશનમાં સ્પષ્ટપણે કહ્યું છે કે હરિભાઈ ચૌધરી એ બે કરોડની લાંચ લીધી છે. આ કેસમાં સતીષભાઈ સનાનું પણ નામ છે. હરિભાઈનું નામ આવતા ભાજપમાં ખળભળાટ મચી ગયો છે. ઉલ્લેખનીય છે કે સતીશ સના હૈદ્રાબાદના મોટા બિઝનેસમેન છે. તેઓ સીબીઆઈ સાથે સંકળાયેલા વચેટિયા પણ છે. સતીશ સના દેશના સૌથી મોટા મીટના વેપારી પણ છે. સતીષ સનાનું નામ સીબીઆઈના રાકેશ અસ્થાના કેસમાં પણ આવ્યું હતું. પંજાબ નેશનલ બેંકના કૌભાંડમાં કરોડોનું ફૂલેકું ફેરવી મેહુલ ચોકસી અને નીરવ મોદી દેશમાંથી ભાગી ગયા છે.

કોસાડના બે રો હાઉસનો સોદો કરી અસલ દસ્તાવેજો ગુમ થયાનું નાટક

રો હાઉસના અસલ દસ્તાવેજ ગુમ થયા હોવાનું ખોટુ સોંગદનામું પણ કરાયું

સુરત

૧૮ લાખ રૂપિયાના બદલામા કોસાડ સ્થિત સૃષ્ટિ રો હાઉસના બે પ્લોટના દસ્તાવેજો બનાવી આપ્યા બાદ આરોપીઓએ અસલ દસ્તાવેજ ગુમ થયાનું નોટરી રાજેશ જી. શર્મા રૂબરૂનું સોગંદનામું રજૂ કરી કતારગામ સબ રજીસ્ટ્રાર કચેરીમાં રજૂ કરી ગુનો કર્યો હતો.

અઠવા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કોસાડ-સાયણ રોડ સૃષ્ટિ રો હાઉસમાં રહેતા આશિષ કુમાર મહેશભાઈ આચાર્યે આરોપી સવજી ગોવિંદ પટેલ, જયશ્રીબેન સવજીભાઈ વિરડીયા, કાજલબેન લાભુભાઈ પાલડીયા, લાભુભાઈ સવજીભાઈ, ભાવનાબેન લાભુભાઈ, અજયભાઈ લાભુભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ કાવત્રુ રચી ફરિયાદી પાસેથી રૂા.૧૮ લાખ મેળવી પોતાનો અસલ દસ્તાવેજ ટાટા કેપિટલ હાઉસિંગ ફા.લિ. માંથી છોડાવી જે અસલ દસ્તાવેજ પ્લોટ નં.૧૦૨, ૧૧૬, સૃષ્ટિ રો હાઉસ વાળી મિલ્કત ફરિયાદીને આપી લખાણ કરી આપ્યું હતું. ત્યારબાદ રૂપિયા ૧૮ લાખ પરત આપવાના બદલે ફરિયાદી પાસે અસલ દસ્તાવેજ હોવા છતાં પણ આરોપીઓએ નોટરી રાજેશ જી. શર્મા રૂબરૂનું દસ્તાવેજ શરત ચૂકથી ગેરવલ્લે થયાનું ખોટું સોગંદનામું સબ રજીસ્ટ્રાર કતારગામ નાનપુરામાં રજૂ કરી ઉપયોગ કરી ગુનો કર્યો હતો. બનાવ અંગે અઠવા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

રાત્રે સ્મીમેર હોસ્પિટલની લીફ્ટમાં બે દર્દીઓ ફસાતા અફરા તફરી મચી

ફાયર બ્રિગેડે દર્દીઓને લીફ્ટમાંથી હેમખેમ ઉગારી લીધા

સુરત

મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં ગઈકાલે મોડી રાત્રે લીફ્ટ ખોટકાઈ જતા બે મહિલા સહિતના પેશન્ટો ફસાઈ ગયા હતા. મોડી રાત્રે બનેલી ઘટનાને કારણે ભારે દોડાદોડી થઈ ગઈ હતી. જોકે ફાયરના જવાનોએ બંને પેશન્ટને સહી સલામત બહાર કાઢ્યા હતા.

ફાયર વિભાગ પાસેથી મળેલી માહિતીના આધારે સ્મીમેર હોસ્પિટલમાં ગત મોડી રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં છઠ્ઠા માળેથી બે પેશન્ટ વર્ષાદેવી દિપકભાઈ મિશ્રા અને મનીષાબેન નારાયણભાઈ પ્રજાપતિ સહિત અન્ય લોકો લીફ્ટ મારફતે ગ્રાઉન્ડ ફ્લોર આવી રહ્યા હતા. ત્યારે જ ચોથા માળેથી પસાર થતી વેળા અચાનક જ લીફ્ટ બંધ થઈ જતા દોડધામ મચી જવા પામી હતી. સ્મીમેર હોસ્પિટલના નાઈટ ડ્યુટીના ડોક્ટરો સહિતના સ્ટાફ માણસો દોડતા થઈ ગયા હતા.

આ અંગે મનપાના ફાયર કન્ટ્રોલ વિભાગને જાણ કરાતા લાશ્કરો પણ ફાયર ફાઈટર સાથે સ્મીમેર હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. લાશ્કરોએ પહેલા વીજ સપ્લાય બંધ કર્યા બાદ દર્દીઓને બહાર કાઢ્યા હતા. લાશ્કરો દર્દીના વ્હારે આવતા દર્દીના સગા સંબંધીઓએ હાસકારો અનુભવ્યો હતો. સ્મીમેરના સંચાલકોએ મોડી રાત્રીથી આ લીફ્ટને બંધ કરી દેવામાં આવી છે અને મેઈન્ટેનન્સ ડિપાર્ટમેન્ટને જાણ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હજુ સુધી લીફ્ટ બંધ હોવાનું કારણ જાણી શકાયું નથી.

હરગોવિંદ નગરમાં કાલે દાંડીયા રાસ

સુરત શહેરના પુણા સારોલી ગામ પાસે હરગોવિંદ નગરના વિશાલ પટાંગણમાં નૂતન વર્ષા ભિનંદન નિમિત્તે હરગોવિંદ નગરના રહેવાસીઓએ કારતક સુદ બારસને મંગળવાર તા.૨૦મી નવેમ્બરના રોજ રાતના નવ કલાકે મુંબઈની પ્રખ્યાત અંધેરીની રમઝટ મ્યુઝીકલ પાર્ટીના સથવારે રાસ ગરબાનો કાર્યક્રમ આયોજિત કરાયો છે.



સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં આજથી દિવાળી વેકેશન પૂર્ણ થવા સાથે નવા શૈક્ષણિક સત્રનો આરંભ થયો છે. લાંબા વેકેશન બાદ શાળાઓ ફરી શરૂ થતા સૂમસામ ભાસતા શાળા સંકુલો ફરી શૈક્ષણિક પ્રવૃત્તિથી ધમધમતા થઈ ગયા હોવાનું તસવીરમાં નજરે પડે છે.

સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં દિવાળી વેકેશન પૂર્ણ થવા સાથે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

ઘણાં દિવસોથી સુમસામ શાળા ભવનો ધમધમી ઉઠ્યા

સુરત

રાજ્ય સરકાર દ્વારા આ વર્ષે નવરાત્રિ વેકેશન જાહેર કર્યું હોવાથી દિવાળી વેકેશન ૨૧ દિવસના બદલે માત્ર ૧૫ દિવસનું કરવામાં આવ્યું હતું. આજથી સમગ્ર રાજ્યમાં સરકારી ગ્રાન્ટેડ સ્કૂલ કોલેજોમાં બીજા શૈક્ષણિક સત્રનો શુભારંભ થયો છે.

ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે દિવાળી વેકેશન ઘટાડી દેવામાં આવતા આજથી સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં બીજા શૈક્ષણિક સત્રનો શુભારંભ થયો છે. છેલ્લા ૧૫ દિવસથી શાળા-કોલેજોના સુમસામ કેમ્પસ આજથી બાળકો અને વિદ્યાર્થીઓના કલરવથી ગુંજી ઉઠ્યા હતા. મોટા ભાગની સરકારી સ્કૂલોમાં પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

બીજા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે જ શહેરમાં સવારથી સ્કૂલ બસો, સ્કૂલ ઓટો, સ્કૂલ વાન દોડતી થતા રસ્તાઓ પર ટ્રાફિક જોવા મળ્યો હતો. દિવાળી વેકેશન દરમિયાન છેલ્લા દસ પંદર દિવસથી સુમસામ રસ્તાઓ પર આજે સ્કૂલો શરૂ થવાની સાથે જ ચહલ પહલ જોવા મળી હતી.

સુરત શહેર ખાનગી શાળા સંચાલક મંડળ દ્વારા દિવાળીમાં ૨૧ દિવસના વેકેશનની જાહેરાત કરી હોવાથી નોન ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર સ્કૂલોમાં આવતા સોમવારથી બીજા શૈક્ષણિક સત્રની શરૂઆત થશે. આજે પ્રથમ દિવસે તમામ સરકારી અને ગ્રાન્ટેડસ્કૂલો રાબેતા મુજબ ચાલુ થઈ હતી. પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હતી. સ્કૂલો ચાલુ થવાની સાથે જ બહાર ગામ ગયેલ શહેરીજનો પાછા ફરતા ધીરે ધીરે શહેર ફરી પૂર્વવત ધમધમતુ થઈ રહ્યું છે.

સચીનના કનકપુરથી સોલ્ટ સત્યાગ્રહ લોહ સાયકલ યાત્રા સુરતમાં પ્રવેશ કરશે

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે આયોજિત

સુરત

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીના ઉપક્રમે સમગ્ર દેશમાં તા.૨જી ઓક્ટોબરથી પાન ઈન્ડિયા સાયકલોથોન 'સોલ્ટ સત્યાગ્રહ લોહયાત્રા' નામથી સાયકલ યાત્રાનો પ્રારંભ થયો છે. જેમાં ૨૫ જેટલા સાયકલસવારો સાયકલ દ્વારા દેશભરમાં પરિભ્રમણ કરશે. આગામી તા.૨૦મીએ સુરતના કનકપુર(સચિન) ખાતે સાયકલ યાત્રા પ્રવેશ કરશે, જેમાં સુરતથી સ્થાનિક ૫૦ જેટલા સાયકલવીરો જોડાશે. સોલ્ટ સત્યાગ્રહ લોહ સાયકલયાત્રા રાજ્યના ૧૪ જિલ્લાઓમાં કુલ ૨૭ સ્થળોએ રાત્રિરોકાણ કરીને તા.૧૭ નવેમ્બરના રોજ અંબાજી થઈ રાજસ્થાન જશે. સાયકલ રેલી જે જિલ્લામાંથી પસાર થશે ત્યાં સ્થાનિક સાયકલવીરો પણ જોડાશે.

આ સાયકલ યાત્રાનો ઉદ્દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના દેશ પ્રત્યેના સમર્પણ અને ત્યાગને ભાવાંજલિ આપવાનો તેમજ દેશની જનતાને ફોર્ટીફાઈડ ફૂડ મળી રહે તે માટે જનજાગૃત્તિ લાવવાનો છે. આ યાત્રામાં રાત્રિ રોકાણના દરેક સ્થળોએ પ્રભાત ફેરી, વિડીઓ ફિલ્મ નિદર્શન, વોલ પેઈન્ટીંગ જેવા જનજાગૃત્તિના કાર્યક્રમો યોજી પૂજ્ય ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

સાયકલ યાત્રાના સુરત જિલ્લામાં ૨૦મીએ સુરત જિલ્લામાં આગમન સંદર્ભે અધિક જિલ્લા કલેકટરશ્રી એસ.ડી. વસાવાના અધ્યક્ષસ્થાને બેઠક પણ યોજાઈ હતી. જેમાં યાત્રાના સ્વાગત અને રોકાણ સહિત સુરત જિલ્લાના સ્થાનિક સાયકલ સવારો પણ જોડાવાના હોઈ, તેમને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રોત્સાહિત કરી પ્રસ્થાન કરાવવામાં આવશે. શ્રી વસાવાએ બેઠકમાં જણાવ્યું હતું કે, તા.૨૦મીએ બપોરે ૧૨.૦૦ વાગ્યે સિટીલાઈટના સાયન્સ સેન્ટર ખાતે આયોજિત સ્વાગત સમારોહમાં જિલ્લા કલેકટરશ્રી ડો.ધવલ પટેલના હસ્તે સાયકલીસ્ટોને પ્રમાણપત્ર એનાયત કરાશે. તા.૨૧મીએ સવારે ૭.૦૦ વાગ્યે મેરેથોન દોડ, ૭.૩૦ વાગ્યે પ્રભાતફેરી યોજાશે. ત્યારબાદ ૯.૦૦ વાગ્યે યોગ અને કસરત નિદર્શન કરવામાં આવશે. તા.૨૧મીએ સવારે ૧૧..૦૦ વાગ્યે સિટીલાઈટના સાયન્સ સેન્ટર ખાતે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સભા યોજાશે. તા.૨૨મીએ સાયન્સ સેન્ટરથી જિલ્લા કલેકટરશ્રી અને મહાનુભાવોના હસ્તે ફ્લેગ ઓફ કરી સાયકલીસ્ટોને પ્રસ્થાન કરાવવામાં આવશે. સુરતથી સાયકલયાત્રા ભરૂચ જવા રવાના થશે.

ડાંગ અનુ.જાતિના યુવકો માટે યોગ સેમિનાર

આહવા

સિનિયરકોચ પ્રાદેશિક/જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર સાપુતારા ડાંગની યાદી જણાવે છે કે, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર દ્વારા અનુસૂચિત જાતિના વસ્તી ધરાવતા એક તાલુકામથકે તા.૦૧/૧૨/૨૦૧૮થી યોગ સેમિનાર યોજાશે. યોગમાં રસ ધરાવતા ડાંગ જિલ્લાના અનુસૂચિત જાતિના ઉમેદવારોએ પ્રાદેશિક જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર સાપુતારા-ડાંગના સંપર્ક નંબર-૯૭૧૪૭ ૫૫૫૬૭ ઉપર સંપર્ક કરીને યોગ સેમિનાર માટેના પ્રવેશપત્ર મેળવીને તા.૨૬/૧૧/૨૦૧૮ સુધીમાં પ્રાદેશિક જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર સાપુતારા-ડાંગના સરનામે રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી આપવાના રહેશે. પસંદ થયેલ ઉમેદવારોને સિનિયર કોચ દ્વારા જાણ કરવામાં આવશે.

ટ્રકની ડીઝલ પાઈપ રીપેર કરતા ડ્રાઈવરને દોડતા ટેન્કરે કચડી માર્યો

કામરેજ-વલથાણ ગામની સીમમાં ટેન્કરે સર્જેલો અકસ્માત

સુરત

કામરેજ-વલથાણા ગામની સીમમાં ઉભેલી ટ્રકની ડીઝલ પાઈપ ખોલતી વખતે પાછળથી આવેલા એક ટેન્કર ચાલકે ટ્રકને ટક્કર મારી પલટી ખવડાવી ટ્રક પાસે ઉભેલા વ્યક્તિના શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી તથા ટ્રક ટાલકને ઓછી વતી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ગામના નાના મહોલ્લાના વતની અને છુટક મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવનાર ૨૪ વર્ષીય મહેબૂબ બિલાલ ટપે કામરેજ પોલીસ મથકમાં નોંધાવેલી એક પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વલથાણ ગામ પાસે ટ્રકમાં એર આવી ગયેલ હોવાથી મહેબૂબ ટ્રકની નીચે ડીઝલ પાઈપ ખોલી હતી અને તેમના ગામનો રીયાઝ ખાન નાંદીરખાન ટ્રક પાસે ઉભો હતો. આ દરમ્યાન જીજે-૧૬-એક્સ-૯૩૫૦ નંબરના ટેન્કર ચાલકે પુરપાટ ઝડપે ટેન્કર હંકારી ઉભેલી ટ્રક સાથે અથડાવી પલટી ખવડાવી ટ્રક પાસે ઉભેલા રીયાઝ ખાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી ફરાર તઈ ગયો હતો. પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કનકપુર પાલિકાના ભાજપના ત્રણ કોર્પોરેટર છ માસથી ગેરહાજર : સસ્પેન્ડ કરવા માંગ

કોંગ્રેસ પ્રમુખે ઉચ્ચ કક્ષાએ પરિયાદ કરી ઉપરાંત પોલીસને પણ અરજી આપી

સુરત

સચીન કનકપુર-કનસાડ નગર પાલિકામાં ભાજપના ત્રણ કોર્પોરેટરો સતત છ મહિનાથી સામાન્ય સભામાં ગેરહાજર હોઈ તેને નિયમ પ્રમાણે કોર્પોરેટર પદ રદ કરવા વિષય કોંગ્રેસે માંગણી કરી છે. એટલું જ નહીં, પાછલે બારણે સહી કરાવી હાજર બતાવવાની ગેરરીતિ આચરાઈ હોવાની સચીન પોલીસ મથકે અરજી કરાઈ છે. તેમજ ત્રણેય કોર્પોરેટરને બરખાસ્ત કરવાની કનકપુર-કનસાડ નગર કોંગ્રેસ પ્રમુખે નગર પાલિકાના હોદેદારોથી લઈ ચીફ ચૂંટણી કમિશનર તથા રાજ્યપાલને લેખિત ફરિયાદ કરી હોવાનું ગતરોજ સરકીટ હાઉસ ખાતે યોજવામાં આવેલી પત્રકાર પરિષદમાં જણાવવામાં આવ્યું હતું.

કનકપુર- કનસાડ કોંગ્રેસના પ્રમુખ દીપક બાગુલેએ જણાવ્યુ હતું કે ભાજપના હોદેદારો મનસ્વી રીતે સત્તાના જોરે નગરપાલિકાના પ્રમુખ રક્ષાબેન પટેલના દોરી સંચારમાં ગેરરીતિ આચરી રહ્યા છે.

નગરપાલિકાના અધિનિયમ ૧૯૬૩ની કલમ ૩૯ (ખ) અને કલમ ૧૧ મુજબ સતત ચાર મહિના સુધી સામાન્ય સભામાં ગેરહાજર રહેતા કોર્પોરેટરનું પદ રદ થઈ શકે છે. કોર્પોરેટર ગિરીશ સોજીત્રા, મુકેશ રાઠોડ અને કુસુમબેન તારીખ ૧૭-૨-૨૦૧૮ થી ૧૪-૮-૨૦૧૮ એટલે કે સતત છ મહિના સુધી નગરપાલિકાની સામાન્ય સભામાં ગેરહાજર રહ્યા છે.



ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર અને પ્રાદેશિક માહિતી કચેરી, સુરતના સંયુક્ત ઉપક્રમે ૧૬ નવેમ્બર રાષ્ટ્રીય પ્રેસ ડેની ઉજવણીના ભાગરૂપે આજરોજ સવારે ૧૦.૩૦ કલાકે સમૃદ્ધિ હોલ, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ મક્કાઈ પુલ સુરત ખાતે ડીજીટલ યુગમાં પત્રકારત્વના સિદ્ધાંતો અને પડકારો વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે સામાજિક અગ્રણી અને વરાછા કો-ઓપરેટીવ બેંકના ચેરમેન કાનજીભાઈ ભાલાળા તથા નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક સેસિલ ક્રિસ્ટી મીડિયા સામેના પડકારો, પત્રકારત્વના સિદ્ધાંતો અને વર્તમાન પ્રવાહો બાબતે વિશદ છણાવટ કરી હતી.

પનાસમાં આડા સંબંધની શંકા રાખી બે મિત્રો પર એસીડ હુમલો કરાયો

માતાને ફોન કરનાર વ્યક્તિ અને તેના મિત્ર પર પુત્રએ એસિડ છાંટી દીધું

સુરત

માતાને ફોન કરનાર ઉપર એસિડ હુમલો કરતા બે જણાં દાઝી ગયાની ઘટના ખટોદરા પોલીસ મથકે નોંધાઈ હતી.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પનાસગામ ગણેશ સોસાયટીમાં રહેતાં ડ્રાઈવર અમોલ શ્રીકૃષ્ણ શિરસાઠે આરોપી દુર્ગેશ સંજય અંબોરે રહે. ગણેશકૃપા સોસાયટી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી અમોલ અને તેનો મિત્ર જય સાથે પનાસ ગામ કચરા પેટીના બાકડા પાસે બેઠો હતો. ત્યારે આરોપી દુર્ગેશે આવીને જણાવ્યું હતું કે મારી માને કેમ ફોન કરે છે તેમ કહી પ્લાસ્ટિકની બોટલમાંથી એસિડ ફેંકતા ફરિયાદી અમોલ અને તેનો મિત્ર જય દાઝી ગયા હતા. આ એસિડ હુમલા સાથે આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ખટોદરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મહિલાને ફોન કરનાર વ્યક્તિ સાથે માતાનો આડો સંબંધ હોવાનો વહેમ રાખી દિકરાએ ફોન કરનાર વયક્તિ તથા તેના મિત્ર પર એસીડથી હુમલો કર્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્લુ પડ્યું હોવાનું જાણવા મળે છે.



આજે (૧૯/૧૧/૨૦૧૮) ના રોજ દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી જીની જન્મજયંતી નિમિત સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતી દ્વરા સવારે ૧૦ થી ૧-કલાક સુધી આઈ ચેક અપ કેમ્પ અને નિ:શુલ્ક ચશ્મા વિતરણ (આઈ ડાયગ્નોસિસ કેમ્પ)નું આયોજન જય જવાન જય કિશાંન નગર પાંડેસરા-બમરોલી રોડ,ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં સુરત શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી બાબુભાઈ રાયકા તથા પાલિકાના વિપક્ષી નેતા શ્રી પ્રફુલભાઈ તોગડિયા, વોડ ન.૨૮ બમરોલી રોડ ના પ્રમુખ શ્રી આદિત્ય શુક્લા, આગેવાન શ્રી સનીભાઈ પાઠક, સી.પી.સિંહ. કમલેશ દુબે,રાજેન્દ્ર તિવારી, બડેલાલ તિવારી, પ્રમોદ સિંહ,રાજકુમાર સિંહ,રાજનાથ સિંહ, અજય પાલ, કાશિપ્રસદ ત્રિપાઠી, આસિફ અન્સારી માજી કોરપોરેટર લીલાબહેન ગવઈ તથા વોર્ડ ન.૨૮ ના તમામ કોંગ્રેસના આગેવાન કાર્યકર મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

અડાજણમાં મહિલાના મોબાઈલની ચીલઝડપ

સુરત

અડાજણ સ્તૃતિ રેસીડેન્સીના ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહેલી એક મહિલા રાહદારીના હાથમાંથી ૧૫ હજારની કિંમતનો મોબાઈલ ફોનની ચીલઝડપ કરી મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ અડાજણ પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાજણ-પાલ શ્રીપદ એટીલીયા ખાતે રહેતા દિશાબેન રમેશભાઈ લશ્કરી ગતરોજ અડાજણ સ્તૃતિ સોસાયટી પાસેથી પસાર થતા હતા. ત્યારે બ્લ્યુ કલરની મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમના હાથમાંથી રૂા.૧૫ હજારની કિંમતનો મોબાઈલ ફોનની ચીલઝડપ કરી ફરાર થઈ ગયા હતા. અડાજણ પોલીસ મથકે મહિલાએ ફરિયાદ આપતા પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામું કર્યું હતું. આ ઉપરાંત પોલીસે સીસીટીવી ફુટેજ એકત્રા કરવાના ચક્રોગતિમાન કર્યા હતા.

આજે દેવ ઉઠી એકાદશીએ તુલસી વિવાહ બાદ લગ્નસરાનો શુભારંભ

બજારોમાં દિવાળી બાદ લગ્નસરાની ખરીદી નીકળશે

સુરત

આજે દેવ ઉઠી અગિયારસ સાથે શહેરમાં લગ્નની સીઝનનો પ્રારંભ થશે. દિવાળીના અગિયારમાં દિવસે દેવઉઠી અગિયારસની ઉજવણી વહેલી સવારથી શહેરના મંદિરોમાં શરૂ થઈ ગઈ છે. ઠેર ઠેર મંદિરોમાં વિશેષ પૂજા અર્ચના આયોજન શરૂ થઈ ગયું છે. તેમજ શહેરમાં ઠેર ઠેર તુલસી વિવાહનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.

દેવઉઠી અગિયારસની પૂજા અર્ચના બાદ આવતીકાલથી લગ્ન ઉત્સવોનો પ્રારંભ થશે. લગ્નની ખરીદીની આશાએ દુકાનદારો શો રૂમ સજોવીને બેઠા છે. શહેરભરના હોલ, પાર્ટી પ્લોટ લગ્ન સમારંભો માટે સુશોભિત થઈ રહ્યા છે. આ વખતે લગ્નના પુષ્કળ મુહૂર્તો હોવાથી ધૂમ લગ્નોનો આયોજનો થશે. લગ્ન વિધિ કરાવતા ગોર મહારાજોને શ્વાસ લેવાની પણ ફુરસદ મળશે નહીં. લગ્નની પુષ્કળ ખરીદી નીકળશે. ભપકાદાર લગ્નના આયોજનોમાં ધૂમ ખર્ચો કરાશે.

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં વધારો : નવસારીમાં ૧૪ ડીગ્રી

વલસાડમાં ૧૮ અને સુરતમાં ૧૯ ડીગ્રી લઘુતમ તાપમાન

સુરત, તા.૧૯

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ધીરે ધીરે શિયાળો જામી રહ્યો હોય તેમ રાત્રે અને મળસ્કે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં નજીવો સુધારો થયો છતાં પણ ઠંડીનો ચમકારો યથાવત રહ્યો હતો.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ શહેરનું અધિકતમ તાપમાન ૩૫.૩ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૯.૨ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા અને હવાનું દબાણ ૧૦૧૧ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી ઉત્તર દિશાથી ૩ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. બેઠો પવન ફુંકાતો હોવાથી મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં નજીવો સુધારો થયો છતાં પણ ઠંડીની અસર યથાવત રહી હતી.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે અધિકતમ તાપમાન ૩૫.૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૪.૫ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં આજે અધિકતમ તાપમાન ૩૩.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૮.૬ ડીગ્રી નોંધાયું છે. દક્ષિણ ગુજરાતના તાપમાનમાં નજીવો સુધારો વધારો થઈ રહ્યો છે. છતાં આગામી દિવસોમાં ઠંડીનું જોર વધે તેવી શક્યતા છે.

જોળવામાં કચરો નાંખવા અંગે એકને ફટકા મરાયા

સુરત

પલસાણા-જોળવા ગામ ખાતે કચરો નાંખવા બાબતે ઝઘડો થતા ત્રણ આરોપીઓએ એક ૫૩ વર્ષીય ઈસમ પર લાકડાના ફટકા વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પલસાણા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના જોનપુર જિલ્લાના વતની અને હાલમાં પલસાણા જોળવા સાંઈદીપ સોસાયટીમાં રહેતા ભાનુપ્રસાદ કમલ બહાદુરસિંગ રાજપૂત સાથે ગત દિવસોમાં કચરો નાંખવા બાબતે ઝઘડો કરી યુવરાજ પાટીલ, પ્રદીપ પાટીલ તથા નિલેશ પાટીલ વગેરેઓએ ભાનુપ્રસાદ તથા તેમના મિત્ર આશુતોષ પર લાકડી વડે હુમલો કરી હાથ અને પગના ભાગે ફેક્ચર કરી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત ઈસમોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ભાનુપ્રસાદ રાજપૂતે પલસાણા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૨૩, ૩૨૫, ૫૦૪ તથા ૫૦૬ (૨) તથા ૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તલંગપુર રોડ પર બંધ ઘરમાં તસ્કરો ત્રાટક્યા

સુરત

સચીન-તલંગપુર રોડ બ્રાહ્મણ ફળીયામાં રહેતા એક જ્યોતિષના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી રોકડા રૂપિયા તથા સોના ચાંદીના દાગીના મળી કુલ ૧.૧૧ લાખની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાનો બનાવ સચીન જીઆઈડીસી પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચોર્યાસી તાલુકાના તલંધપુર ગામના બ્રાહ્મણ ફળિયામાં નહુશ સુધીરભાઈ ઉપાધ્યાય રહે છે. ૩૮ વર્ષીય નહુશ ઉપાધ્યાય જ્યોતિષનું કામ કરે છે. દિવાળીના તહેવારોમાં તેઓ પરિવાર સાથે બહાર ગામ ગયા હતા. આ દરમ્યાન તેમના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી લાકડાના કબાટમાં મુકેલા રોકડા રૂા.૯૦ હજાર, ૧૦ ગ્રામ સોનાની વીંટી, પૂજાના ચાંદીના સિક્કા નંગ ૩ તથા અન્ય ચીજવસ્તુઓ મલી કુલ ૧.૧૧ લાખની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. બહારગામ ગયેલા નહુશભાઈ ઘરે પરત આવ્યા બાદ ઘરમાં સામગ્રી વેર વિખેર પડેલી જોતા તેમણે સચીન જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ગોપીતળાવ નિહાળવા આવેલી યુવતીનો મોબાઈલ ફોન ચોરાયો

ગેટ પાસે પર્સમાંથી ગઠીયો રૂા.૩૦ હજારનો ફોન તફડાવી ગયો

સુરત

દિવાળી વેકેશનના આખરી રવિવારે ગોપી તળાવમાં આવેલી બેંગ્લોરની મહિલાના મોબાઈલ ફોનની ચોર શખ્સો ચોરી કરી ગયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બેંગ્લોરના એ ક્રોસ જય નગરમાં રહેતી અને ઈવેન્ટ મેનેજર તરીકે નોકરી કરતી ૨૫ વર્ષીય ફાતમા મુસ્તફા લોખંડવાલા ગતરોજ રવિવારે સાંજે ગોપીતળાવમાં પરિવાર સાથે ફરવા આવી હતી. તેણી ગોપીતળાવની ગેટની બહાર ઉભી હતી. ત્યારે જ કોઈ ચોર શખ્સ તેણીની નજર ચૂકવી ખભે રાખેલા પર્સમાંથી રૂા.૩૦ હજારની કિંમતના એવન પલસ કંપનીના મોબાઈલ ફોનની ચોરી કરી ગયા હતા. આ અંગે ઈવેન્ટ મેનેજર ફાતમા લોખંડવાળાને જાણ થતા તેણીએ સલાબતપુરા પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસે પણ ચોરીની ફરિયાદ નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

વ્યાજે ધીરેલા રૂા.૧૮ લાખ પરત નહીં કરાતા કાઈમ બ્રાન્ચ પોલીસમાં ફરિયાદ

વ્યાજના રૂપિયાની લેતી-દેતી અંગે કાઈમ બ્રાન્ચ પોલીસ પણ સક્રિય બની

સુરત

ઈન્ટરનેટ વેબસાઈટના વ્યવસાયી સાથે સંકળાયેલાએ વ્યાજે આપેલા રૂા.૧૮ લાખ પરત નહીં કરનાર સામે ડીસીબી પોલીસે ફરિયાદ નોંધી હતી. હવે ગંભીર ગુનાની તપાસ સાથે વ્યાજખોરીની બબાલમાં પણ ડીસીબી પોલીસ ફરિયાદ નોંધી તપાસ કરશે.

ડીસીબી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સીટીલાઈટ પુષ્પદર્શન એપાર્ટમેન્ટમાં રહેતાં રવિન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ ઝાલાએ આરોપી અનિલ દિનકરભાઈ શેટ્ટી, એકલવ્ય અનિલ શેટ્ટી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીએ આરોપી પિતા પુત્રને ટુકડે ટુકડે વ્યાજે રૂા.૧૮ લાખ આપ્યા હતા.

શરૂઆતમાં છ મહિના સુધી આરોપીઓએ વ્યાજ ચૂકવ્યા બાદ વ્યાજ ચૂકવવાનું બંધ કરી દીધું હતું અને રૂા.૧૮ લાખ પરત નહીં આપી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. બનાવ અંગે ડીસીબી પીઆઈ એ.કે. ચૌહાણે તપાસ હાથ ધરી છે.

ડાંગમાં ૮૭ લાભાર્થીઓને ૩.૫૬ કરોડની સાધન સહાયનું વિતરણ

૭ જિલ્લા લાભાર્થીઓનો કાર્યક્રમ આહવામાં યોજાયો

આહવા

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર(GTDC) તેમજ પ્રાયોજના વહિવટદારની કચેરી,ડાંગ આહવા દ્વારા ડાંગ દરબાર હોલ આહવા ખાતે સ્વરોજગારી ધિરાણ યોજના અંતર્ગત સાધનસહાય તથા ચેક વિતરણ કાર્યક્રમ વન અને આદિજાતિ રાજયમંત્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લા ડાંગ, તાપી, નર્મદા, નવસારી, વલસાડ, ભરૂચ અને સુરતના કુલ ૮૭ લાભાર્થીઓને રૂ. ૩કરોડ ૫૬ લાખના સાધન સહાય તથા ચેક વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પ્રભારીમંત્રીશ્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તારોને પણ શહેરો જેવી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજયસરકાર અથાગ પ્રયત્ન કરી રહી છે. ગુજરાતના ૧૪ આદિવાસી જિલ્લાઓના વિકાસ માટે બજેટમાં માતબર રકમની જોગવાઈ કરવામાં આવે છે.

મંત્રીશ્રીએ ઉર્મેયુ હતું કે, રાજય સરકાર આદિવાસીના સર્વાંગી વિકાસની ચિંતા કરે છે. છેવાડાનો માનવી વિકાસયાત્રામાં જોડાઈ એ રાજય સરકારની નેમ રહી છે. આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજનાને અમલી બનાવીને ઉમરગામથી અંબાજીના આદિવાસી વિસ્તા રોમાં માળખાકીય સવતલો સહિત શૈક્ષણિક વ્યનવસ્થાનઓ ઊભી કરી છે. આદિવાસી સમાજ વિકાસથી વંચિત ન રહે તેની દરકાર આ સરકારે કરી છે. જિલ્લા કલેકટરશ્રી બી.કે. કુમારે કહ્યું હતું કે, આદિજાતિના વિકાસ તેમજ આર્થિક ઉત્થાન માટે ૧૯૭૨થી રાજય સરકારે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનને કાર્યાન્વિત કર્યુ છે. સરકાર દ્વારા આદિજાતિના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના કાર્યકારી એમ.ડી.શ્રી ડો.સુમન રત્નમ દર્શીએ શાબ્દિક સ્વાગત કર્યુ હતું અને આભારવિધિ પ્રાયોજના વહિવટદારશ્રી એસ.બી.ચૌધરીએ કરી હતી.

આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બીબીબેન ચૌધરી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી નરેશભાઈ ગવળી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. વઢવાણિયા, નિવાસી અધિક કલેકટરશ્રી જે.ડી. પટેલ, નાયબ વન સંરક્ષકશ્રી અગ્નિશ્વર વ્યાસ, શ્રી ત્રિવેદી અગ્રણીશ્રી બાબુભાઈ ચૌર્યા, શ્રી વિજયભાઈ પટેલ, શ્રી મહેશ ભટ્ટ સહિતના પદાધિકારીઓ/અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ તેમજ મોટીસંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

નવસારી જિલ્લા સંકલન બેઠકમાં સાંસદ-ધારાસભ્યોના પ્રશ્નો રજૂ થયા

નવસારી

નવસારી જિલ્લા કલેકટરાલય સભાખંડ ખાતે જિલ્લા સંકલન સમિતિની બેઠક અધિક નિવાસી કલેકટર કે.જે.રાઠોડનાં અધ્યાક્ષ સ્થા ને યોજાઈ હતી.

બેઠકમાં અધિક નિવાસી કલેકટર રાઠોડે જણાવ્યુંખ હતું કે આગામી સમયમાં સ્વકતંત્ર સેના દિવસ, ધ્વાજદિન, સ્વદસ્થ, ભારત યાત્રાની ઉજવણીમાં ભાગ લઈ સફળ બનાવવા અપીલ કરી હતી. તેમજ સાંસદ અને ધારાસભ્યસ અને જિલ્લા પંચાયતનાં પ્રમુખના પ્રશ્નો બાબતે તાકીદે નિયમાનુસાર કાર્યવાહી કરવા સુચના આપી હતી.

સંકલન સમિતિની બેઠકમાં નવસારી સાંસદ સી.આર.પાટીલે ખેડૂતના રસ્તો. ખુલ્લો કરવા, એસ.ટી. બસ સેવા, જમીન બ્લોયક વિભાજન પ્રશ્નો રજુ કર્યા હતા. નવસારીના ધારાસભ્યડ પિયુષભાઈ દેસાઈએ નવસારી મોવાસા બસ સેવા ચેકડેમને કારણે ખેતીવાડીને થતું નુકશાન અંગે, સર્વશિક્ષા અંગે વાહન ફાળવણી, આરોગ્ય કેન્દ્રમ, રેતીખનન અટકાવવા, જિલ્લા પંચાયત પ્રમુખ ડો. અમીતાબેન પટેલે, જર્જરીત દિવાલ દૂર કરવા, આંગણવાડી વર્કરની ભરતી બાબતના પ્રશ્નો રજુ કર્યા હતા.

પરવડી ગામે માધવ ગૌધામના ભૂમિ પૂજનમાં રૂા.૫ કરોડનું દાન જાહેર થયું

સુરત

પીએમ ચેરીટેબલ ટ્રસ્ટ માધવ ગૌ ધામનો ભવ્યથી ભવ્ય પરવડી ગામને આંગણે આયોજિત કાર્યક્રમમાં પધારેલા સમાજના અને દેશના ભામાશાઓનો સન્માન સમારોહ અને લવજીભાઈ ડાલીયા બાદશાહના વરદ હસ્તે માધવ ગૌધામની નવી જમીનનું ભૂમિપૂજન કરેલ તેમજ માધવ ગૌધામના મુખ્ય દાતાશ્રી માધવજીભાઈ માંગુકિયા લેન્ડમાર્ક સુરત અને ભૂમિ પૂજનના દાતાશ્રી એવા લવજીભાઈ બાદશાહ અને સુરત-મુંબઈથી પધારેલા નામી અનામી મોટા દાતાઓ દ્વારા પરવડીના આંગણે દાનની સરવાણીનો ધોધ વરસ્યો જેમાં એક કલાકમાં પાંચ કરોડનું દાન જાહેર થયું હતું. તેમજ સમાજ અને દેશ નીરોગી રહે તે માટે આધ્યાત્મિક ખેતીનું બીજ રોપનાર માધવ ગૌધામે ઝીરો બજેટ ખેતી કરવા માટે બધા ખેડૂતોને પ્રેરિત કર્યા હતા અને તેનો પ્રભાવ જબરદસ્ત રહ્યો . આ માટે પ્રમુખ પ્રવિણભાઈ ખેની અને મંત્રી ભરતભાઈ માંગુકિયા પરવડીવાળા તેમજ માધવ ગૌધામની તમામ ટીમે ઝીરો બજેટ ખેતી માટે ભેખ ધરી આવી જ્યોત જગાવી છે.

વરાછા એમ્બ્રોઈડરી કારખાનામાં રૂા. ૨.૫૫ લાખની મતાની ચોરી

મશીનના મધરબોર્ડ સહિતની ચીજ-વસ્તુઓ ચોરાઈ

સુરત

વરાછા જગદીશનગરમાં આવેલ રિદ્ધિ ફેશન નામના એમ્બ્રોઈડરી કારખાનામાંથી મધર બોર્ડ સહિત રૂપિયા ૨.૪૪ લાખની સામગ્રી ચોરાઈ હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એલ.એચ. રોડ, અવન્તી સોસાયટીમાં રહેતાં જશુભાઈ નાથાભાઈનું એમ્બ્રોઈડરીનું કારખાનું વરાછા જગદીશનગર ખાતે આવેલું છે. ગત તા.૧૧મીએ રાત્રિ સમય દરમિયાન અજાણ્યા તસ્કરોએ કારખાનાના મેઈન દરવાજાનું તાળુ ખોલી બે એમ્બ્રોઈડરી મશીનના મધરકાર્ડ, ડ્રાઈવર બોક્સ, સહિત રૂા.૨.૫૫ લાખની મતાની ચોરી કરી ગયા હતા. બનાવ અંગે વરાછા પોલીસ મથકે જશુભાઈ નાથાભાઈએ ફરિયાદ નોંધાવી હતી.

અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓ માટે વનક્ષેત્ર પરિભ્રમણ કાર્યક્રમ

૨૫ ધરાવતા યુવક-યુવતીઓએ તા.૩૦ સુધીમાં અરજી કરવી

સુરત

રાજયના અનુસુચિત જાતિના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા વિદ્યાર્થી, બિનવિદ્યાર્થી યુવક /યુવતિઓની શારીરિક ક્ષમતામાં વધારો થાય, સાહસિક વૃત્તિ વિકસે તેમજ તેમની આંતરિક શક્તિઓ બહાર લાવવાના હેતુસર રાજય સરકાર દ્વારા ૧૦ દિવસ માટે સાહસિક વન વિસ્તાર પગપાળા પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અનુસુચિત જાતિના યુવાઓ માટે આ કાર્યક્રમમાં જોડાવાની ઉમદા તક છે.

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા જણાવાયાનુસાર રાજય સરકારના ખર્ચે ૧૦ દિવસનો સાહસિક વન વિસ્તાર પગપાળા પરિભ્રમણ કાર્યક્રમ ડીસે ેમ્બર-૨૦૧૮માં મહિસાગર જિલ્લામાં યોજવામાં આવશે. જેમાં પસંદ થયેલ ૧૦૦ યુવક-યુવતીઓને ભાગ લેવાની તક આપવામાં આવશે. કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ પોતાની અરજી www.sycd.gujarat.gov.in વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પુરાવા સાથે જિલ્લા રમતગમત અધિકારી, ભાદરા કોલોની પાછળ, કલેકટર કચેરી, બીજો માળ, રૂમનં.-૨૧૨, લુણાવાડા, જિ.મહિસાગર-૩૮૨ ૦૦૧ને તા.૩૦/૧૧/૨૦૧૮ સુધીમાં મોકલી આપવાની રહેશે.

કાર્યક્રમ દરમિયાન નિવાસ, ભોજન, કાર્યક્રમ સ્થળે આવવા-જવાનો પ્રવાસ ખર્ચ તેમજ ભાગ લેવા બદલ પ્રમાણપત્ર રાજય સરકાર દ્વારા આપવામાં આવશે. આ કાર્યક્રમ માટે પસંદ થનાર યુવક-યુવતીઓને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, મહિસાગર દ્વારા પત્ર/મોબાઈલ/ઈ-મેલથી જાણ કરવામાં આવશે.

આ સંદર્ભે વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારી, મહિસાગર, મો.નં.: ૮૪૬૯૯૭૬૮૪૦ તેમજ ઈ-મેલ dso mahisgar24 @gmail.com ઉપર સંપર્ક કરવા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સુરતની યાદીમાં જણાવાયું છે.

યુવતીનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરનાર યુવકની ધરપકડ

રાજકોટ

રાજકોટની કૌશાબેન હાર્દિકભાઈ ઝાલાવડીયાએ પોતાનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ અજાણ્યા શખ્સે હેક કરતા રાજકોટ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. કૌશાબેનના ઈન્સ્ટાગ્રામમાં ફોલોઅર્સ વધારે હોય સાણંદના શખ્સે તેને હેક કરી ૨૦થી ૨૫માં વેચવા કાઢ્યું હતું. પરંતુ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે તેની ધરપકડ કરી લીધી છે.

સાણંદથી ઝડપાયેલા કુલદીપસિંહ નરેન્દ્રસિંહ વાઘેલા (ઉ.૨૦)ને પોલીસે પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે, હું બી.એ..ના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરૂ છું. કૌશાબેનના ઈન્સ્ટાગ્રામના ૧ લાખ ૭૦ હજાર ફોલોઅર્સ હોય ઝેડ શેડો ઈન્ફો નામની એપ્લીકેશન ઈન્ટરનેટમાંથી ડાઉનલોડ કરી હતી. આ એપ્લીકેશન કેવી રીતે કામ કરે છે તે યુટ્યુબમાંથી શીખી હતી. આ એપ્લીકેશનના માધ્યમથી લિંક ક્રિએટ કરી કૌશાબેનના ઈન્સ્ટાગ્રામ પર તે લિંક મોકલી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી એકાઉન્ટ હેક કર્યું હતું. હેક કરેલા આઈડીના ફોલોઅર્સ ૧ લાખ ૭૦ હજાર હોય જેથી તે વેંચવા માટે ૨૦થી ૨૫ હજારનો ભાવ નક્કી કર્યો હતો. પોલીસે આ સિવાય આરોપી દ્વારા બીજા કેટલા એકાઉન્ટ હેક કરવામાં આવ્યા છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

રાજ્યભરની આંગણવાડીનાં ૧૪ લાખ ભૂલકાંઓને હવે યુનિફોર્મ અપાશે

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરમાં આવેલ ૫૩ હજાર આંગણવાડીઓમાં લાખોની સંખ્યામાં બાળકો રમત સાથે ભણી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા પહેલી વખત રાજ્યની તમામ આંગણવાડીના બાળકોને બે જોડી યુનિફોર્મ આપવામાં આવશે. આ યોજના દેશની પણ પહેલી યોજના બની રહેશે. કપડાની બાબતે બાળકોમાં સમાનતાનો ભાવ રહે અને તે આંગણવાડીનાં બાળકો હોવાનું અલગ અને એકસરખી ઓળખ પણ રહેશે. સામાન્ય રીતે ખાનગી પ્લે ગ્રૂપમાં ભણતા બાળકો માટે યુનિફોર્મ ફરજિયાત હોય છે. તેથી તમામ ભૂલકાંઓ એકસરખા યુનિફોર્મમાં સોહામણાં લાગે છે. ખાનગી પ્લે ગ્રૂપની સરખામણીએ સરકારની ૫૩ હજાર જેટલી આંગણવાડીમાં મોટી સંખ્યામાં બાળકો નિ:શુલ્ક પ્લે ગ્રૂપની સગવડ મેળવે છે. સરકારી શાળાઓમાં યુનફોર્મની વ્યવસ્થા સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે કરવામાં આવે છે, પરંતુ હવે આગામી શૈક્ષણિક વર્ષથી આંગણવાડીના બાળકો પણ ખાનગી ગ્રૂપના બાળકો જેવા એકસરખા યુનિફોર્મમાં સોહામણાં દેખાશે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ સહિત રાજ્યભરની આંગણવાડીઓની સંખ્યા ૫૩ હજાર છે, તેમાં ૩ થી ૬ વર્ષના બાળકો પ્લે ગ્રૂપમાં જાય છે. આ બાળકોની સરકાર દ્વારા આગામી વર્ષથી બે જોડી યુનિફોર્મ અપાશે. આ બાળકોની સંખ્યા ૧૪ લાખ જેટલી છે, જેમાં છોકરાઓ માટે ચેક્સવાળો શર્ટ-બ્લૂ રંગનું હાફ પેન્ટ પસંદ કરાયું છે.

જાંવત્રી નજીક કેનાલમાં ગાબડું, ખેતરોમાં પાણી ઘૂસવાથી પાકને નુકસાન

સાંથળી

ગુજરાતમાં ઘણા તાલુકા અને જિલ્લામાં પાણીની અછતની સમસ્યા સર્જાય રહી છે. ખાસ કરીને સૌરાષ્ટ બાજુ પાણીની વધુ તંગી ઉભી થઈ છે. ત્યારે બનાસકાંઠાના કેટલાંક જિલ્લાઓમાં કેનાલમાં ખાડો પડવાની ઘટનાઓ આવી રહી છે. ઉત્તર ગુજરાતના પાટણમાં રાધનપુર પાસેથી જતી કેનાલમાં ગાબડું પડ્યું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સાંથળી ડિસ્ટ્રીબ્યુટરના જાવંત્રી ગામની નજીક આવેલી કેનાલમાં ૮ ફૂટ જેટલો મોટો ખાડો પડ્યો છે. કેનાલમાં આટલો મોટો ખાડો પડવાને કારણે સ્થાનિક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. કેમ કે, કેનાલ બનાવતી વખતે હલકી ગુણવત્તા વાળી વસ્તુનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેથી કેનાલમાં ખાડો પડ્યો છે તેવા અનેક સવાલ ઉભા થઈ રહ્યાં છે. કેનાલમાં ખાડો પડવાને કારણે ખેતરોમાં પાણી ઘૂસી જતા પાકને નુકસાન થતા ખેડૂતો પણ ચિંતામાં આવી ગયા છે. કેમ કે, ૪ એકર જીરાના વાવેતર વિસ્તારમાં પાણી ફરી વળ્યું હતું તેથી જીરાના પાકને નુકસાન થયું હોવાનો આક્ષેપ ખેડૂતોએ કર્યો છે.

દારૂના અડ્ડા બંધ કરાવતા મહિલા સરપંચ પર બુટલેગરોએ હુમલો કર્યો

વડોદરા

વડોદરા નજીક આવેલા આજોડ ગામમાં દારૂ વેચવાની ના પાડતા મહિલા સરપંચ પર બુટલેગરોએ હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત થયેલા મહિલા સરપંચને તુરંત જ છાણી વિસ્તારની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે વડોદરા શહેર નજીક આવેલા આજોડ ગામમાં ખુલ્લેઆમ ઈંગ્લિંશ દારૂનું વેચાણ થાય છે. ગામના સરપંચે બુટલેગરોને દારૂ વેચાણ કરવાની ના પાડી હતી. અને દારૂના અડ્ડાઓ બંધ કરાવ્યા હતા. જેથી બુટલેગરોએ મહિલા સરપંચ ૬૦ હજારનો દારૂ ચોરી ગયા છે તેવો આરોપ મુકીને મહિલા સરપંચ પર હુમલો કર્યો હતો. જેથી મહિલા સરપંચ તારાબેન પરમાર ઈજાગ્રસ્ત થયા હતા. તેઓને તુરંત જ સારવાર અર્થે છાણી વિસ્તારની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પરિણીત યુવાન સાથે પિતાએ લગ્નની ના પાડતા પ્રેમીપંખીડાએ વખ ઘોળ્યું

રાજકોટ

રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળ આવતા રામ પાર્ક ૩માં પ્રેમીપંખીડાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ આજીડેમ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને બન્નના મૃતદેહોને પીએમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. પ્રાથમિક તપાસમાં યુવાન પરિણીત હોવાની જાણ યુવતીના પિતાને થઈ જતા લગ્ન કરવાની ના પાડતા બન્નેએ આ પગલું ભર્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ શિવજી નગરમાં રહેતા ૨૭ વર્ષીય રાજેશ પરમાર અને રામ પાર્ક- ૩માં રહેતી ૧૮ વર્ષીય સોનલ રવજી ચૌહાણ નામની યુવતીએ ઝેરી દવા પી જીવનનો અંત આણ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો. અને બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતીએ બે વર્ષ પહેલા તેના પિતાને રાજેશ સાથે લગ્ન કરાવી દેવાનું કહ્યું હતું. પરંતુ રાજેશ પરિણીત હોય તેણીના પિતાએ લગ્ન કરાવી દેવાની ના પાડી હતી. અને રાજેશ પર તેના પત્ની દ્વારા ખાધાખોરાકીનો કેસ પણ કરાયો હોવાનું જાણવા મળ્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકા ૧૮ જાહેર શૌચાલયોને મોડર્ન બનાવશે

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ×સ્વચ્છ ભારત મિશન× હેઠળ જેમાં જનજાગૃતિ અભિયાન ઉપર પણ વિશેષ ભાર મુકવામાં આવે છે અને તેમાં ક્રમશઃ સારો જનસહયોગ પ્રાપ્ત થઈ રહયો છે. સૌના સાથસહકારનાં માધ્યમથી નાગરિકોને વધુ ને વધુ સારી સેવાઓ પ્રદાન કરવા મા· મહાનગરપાલિકાને પણ સાનુકૂળતા રહે છે. આ અંગે વાત કરતા મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ એમ જણાવ્યું હતું કે, આજે ×વર્લ્ડ ટોઈલેટ ડે× મનાવવામાં આવી રહયો છે. જે સ્વાભાવિકરીતે જાહેર સ્વચ્છતા અને જાહેર સ્વાસ્થ્યની બાબતમાં નાગરિકોને જાગૃત થવાનો સંદેશ આપે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પબ્લિક ટોઈલેટ બનાવવામાં આવેલ છે અને તે પૈકી ૧૮ પબ્લિક ટોઈલેટને મોડર્ન સ્વરૂપ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં એમ પણ કહ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે ૧૮ પબ્લિક ટોઈલેટને મોડર્ન બનાવવાનું નક્કી કરવામાં આવેલા છે તેમાં રેસકોર્સ રિંગ રોડ પર ઈક્રમ ટેક્સ ઓફિસ સામે તેમજ ગેલેક્સી સિનેમા સામે આવેલા પબ્લિક ટોઈલેટ ઉપરાંત ફન વર્લ્ડ પાસે રેસકોર્સ મેદાનની અન્ડર આવેલ પબ્લિક ટોઈલેટ તેમજ જયુબિલી ગાર્ડન સામે, શાસ્ત્રી મેદાન પાસે, મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે બનાવવામાં આવેલ ટોઈલેટ, તેમજ ૮૦ ફૂટ રોડ પર સોરઠીયાવાડી સર્કલ, કાલાવડ રોડ પર કે.કે.વી. હોલ પાસે તથા પ્રેમ મંદિર પાસે, નાનામવા રોડ પર લક્ષ્મીનગર હોકર્સ ઝોન પાસે, મવડી મેઈન રોડ પર વિશ્વેશ્વર મંદિર નજીક, કુવાડવા રોડ પર ગ્રીન લેન્ડ ચોક, આશ્રમ રોડ પર ટ્રેનેજ ઓફિસ પાસે, કુવાડવા રોડ પર વોર્ડ ઓફિસ પાસે, રેલ્વે સ્ટેશન રોડ, યુનિવર્સિટી રોડ પર પંચાયતનગર ખાતે અને રેસકોર્સની અંદર આર્ટ ગેલેરી પાસે આવેલ પબ્લિક ટોઈલેટને આધુનિક સ્વરૂપ આપવામાં આવશે.

એનેમ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-સરીગામનું ઉદ્ઘાટન કરતા કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી રૂપાલા

દેશનો સર્વાંગી વિકાસ એ પ્રધાનમંત્રી મોદીની દીર્ઘદૃષ્ટિ છે : કૃષિ રાજ્યમંત્રી

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ જી.આઈ.ડી.સી.માં એનેમ ઈન્ડસ્ટ્રીયલ પાર્કનું ઉદ્ઘાટન કેન્દ્રના કૃષિ, ખેડૂત કલ્યાણ પંચાયતી રાજ વિભાગના રાજ્ય મંત્રી પુરખોત્તમ રૂપાલાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

આ અવસરે કેન્દ્રિય કૃષિ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ ઔદ્યોગિક એકમોના નવા સાહસને અપેક્ષા કરતાં વધુ સફળતા મળે તેવી શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, દેશના સર્વાંગી વિકાસ એ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિ છે. ઔદ્યોગિક એકમોનો વિકાસ થશે તો દેશ વિકાસ ક્ષેત્રે અગ્રેસર બનાવવામાં કોઈ રોકી શકશે નહીં. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ઔદ્યોગિક એકમોનો વિકાસ અટકે નહીં તે માટે મોટા નિર્ણયો કર્યા છે. એમ.એસ.એમ.ઈ. થકી નાના ઉદ્યોગોનો વધુ પ્રોત્સાહન મળતાં વધુમાં વધુ રોજગારીની તકો ઉપલબ્ધ બની છે. અહીંના સફળ ઉદ્યોગકારોએ ઔદ્યોગિક વિકાસની સાથે સમાજનીતિ કરી સમાજસેવા ક્ષેત્રે પણ મહત્ત્વનાં યોગદાનો આપ્યાં છે, જે ખરેખર અભિનંદનીય છે. સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે દેશના ગામેગામ-ઘરેઘર શૌચાલયોના નિર્માણ કરવામાં આવ્યાં છે. નર્મદા ડેમના પાણી થકી આગામી દિવસોમાં કૃષિ પેદાશ ચાર ગણી થશે, તેમ જણાવી એગ્રીકલ્ચર ક્ષેત્રના મબલબ ઉત્પાદન થકી તેનો મહત્તમ નિકાસ થવાથી ખેડૂતોને પણ પોષણક્ષમ ભાવો મળી રહેશે, તેમ તેમણે જણાવ્યું હતું.

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લાનું વહીવટીતંત્ર સજાગ છે, જેના થકી અહીંના ઉદ્યોગોના વિકાસ ઝડપી બન્યો છે. સૌના સહયોગ અને પુરુષાર્થ થકી દેશનો વિકાસ થઈ રહ્યો છે અને સાચા, યોગ્ય અને ઝડપી નિર્ણયો થકી રાજ્ય સરકાર દરેક ક્ષેત્રોને સરખો ન્યાય મળે તેવા સફળ પ્રયાસો કરી રાજ્ય વિકાસની દિશામાં ઝડપભેર આગેકૂચ કરી રહ્યું છે. સરીગામ ખાતે ૪૦ એકર વિસ્તારમાં નવા ઉદ્યોગોનો વિકાસ થવાથી નવી રોજગારીની તકો ભી થશે, ત્યારે ૮૦ ટકા ભરતી સ્થાનિક ગુજરાતના તેમજ ૨૫ ટકા જે તે ગામના યુવાનોને જ નોકરી આપવાના રાજ્ય સરકારના નિર્ણયને ધ્યાને લેવા જણાવ્યું હતું.

સાંસદ ડૉ.કે.સી.પટેલ, ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ પ્રાસંગિક ઉદ્બોધનમાં એનેમ ઈન્ડસ્ટ્રીયલની સફળતાની સાથે વિકાસની દિશામાં અગ્રેસર રહે શુભેચ્છાઓ પાઠવી હતી.

એનેમ ઈન્ડસ્ટ્રીયલ પાર્કના એ.કે.શાહે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી નાના ઉદ્યોગોનો પ્રોત્સાહન આપવા બદલ રાજ્ય અને કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અહીં નાના-મોટા ૧૦૦ પ્લોટ છે, જેમાં ૫૦ એસ.એમ.ઈ. યુનિટ આવવાથી ૧૨૦૦ રોજગારીની તકો ભી થવાની સાથે અંદાજે એક હજાર કરોડનું ટર્ન ઓવર થશે. જેનાથી સરકારને ટેક્ષની આવક થવાની સાથે ગ્રામ પંચાયતને પણ વધુ વેરો મળશે. આ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ગારમેન્ટ, પ્લાસ્ટિકની જુદી-જુદી એસેસરી પેકેજિંગ તેમજ પ્રિન્ટિંગ એન્જિનિયરિંગ એકેપવીશના યુનિટો આવશે, તેમજ સીમેન્ટ રોડ, અન્ડરગ્રાઉન્ડ સ્ટ્રોમ વોટર, ડ્રેનેજ, કોમન સીક્યુરીટી અને સ્ટ્રીટ લાઈટ તેમજ પાવર સપ્લાય માટે સ્પેશિયલ ફીડરની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. આભારવિધિ મનીષ રાયે કરી હતી. આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, ધારાસભ્ય વિવેકભાઈ પટેલ, દમણના સાંસદ લાલુભાઈ, ઈ.ચા. વલસાડ કલેકટર એમ.ડી.મોડીયા, જિલ્લા વિકાસ અધિકારી આર.જી.ગોહિલ, અગ્રણી ઉદ્યોગપતિ ગફુરભાઈ બીલખીયા, રજુભાઈ શ્રોફ, મહેન્દ્રભાઈ, સરીગામ સરપંચ હંસાબેન, ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ હાજર રહયા હતા.

સ્વચ્છતા સંદેશ સાથે દાંડીમાં કલેક્ટર દ્વારા સાયકલ યાત્રીઓનું બહુમાન

૨૫ સાયકલ યાત્રીઓએ મહાત્માની પ્રતિમાને ભાવાંજલી અર્પણ કરી

નવસારી

પુ. મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ અવસરે સ્વચ્છતાનો સંદેશ લઈને આવેલા સ્વચ્છ ભારત મિશનના સાયકલયાત્રીઓનું નવસારીના ઐતિહાસિક દાંડી ખાતે કલેકટર ડી.એમ.ડી.મોડીયાના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા દેશમાં ૧૬ મી ઓકટોબર-૧૮ થી આરંભાયેલી સાયકલયાત્રા વિવિધ સ્થળોએ ફરશે. દાંડી ખાતે કલેકટરના હસ્તે સાયકલયાત્રીઓનું પ્રમાણપત્ર અપાયા હતા. સાયકલયાત્રાના નોડલ ઓફિસર દિપીકાબેન ચૌહાણ ખાસ જોડાયા હતા.

ભારત સાયકલયાત્રાના ૨૫ જેટલા સાયકલવીરોએ દાંડી પ્રાર્થના મંદિર ખાતે પુ.મહાત્માની પ્રતિમાને સુતરની આટી પહેરાવી ભાવાંજલિ અર્પી હતી.

નાયબ પોલીસ અધિક્ષક મોરી, નિવાસી અધિક કલેકટર કે.જે.રાઠોડ, ગાંધીવાદી ધીરૂભાઈ પટેલ, દાંડીના સરપંચ વિમલભાઈ પટેલ સહિત ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

કલેકટર ડી.મોડીયાએ જણાવ્યું હતું કે, સાયકલ યાત્રાનો મુખ્ય ઉદેશ સ્વચ્છ ભારતનો રહયો છે. લોકોમાં ખોરાક અને આરોગ્ય અંગે લોકોમાં જાગૃતિ કેળવવાનો છે. ભારતભરમાં છ ટ્રેકમાં યાત્રા શરૂ કરવામાં આવી છે. ગુજરાતના ૧૨ જિલ્લામાં સાયકલયાત્રા થકી સ્વચ્છતાનો પ્રચાર થશે. ગોવાથી શરૂ થયેલી સાયકલયાત્રા મહારાષ્ટ્ર, દાદરાનગર હવેલી, વલસાડ થઈ નવસારી આવી પહોંચી હતી. જે રાજસ્થાન થઈ દિલ્હી જશે. આ યાત્રા ગુજરાતના ૧૨ જિલ્લામાં ૭૯૧ કિમીનો પ્રવાસ ખેડશે. લોકોને સ્વસ્થ, સમતોલ અને આરોગ્યપ્રદ ખોરાક લે તે આ સાયકલયાત્રાનો મુખ્ય આશય રહેલો છે.

પ્રારંભમાં ખોરાક અને ઔષધ નિયમનના શ્રી એ.જી.પટેલે સાયકલયાત્રીઓ અને મહાનુભાવોને આવકાર્યા હતા. જેના મુખ્ય ચાર પાસાંઓ છે. આરોગ્ય, સલામત ખોરાક, નો ફૂડ વેસ્ટ અને ફોર્ટિફાઈડ ફૂડ છે. સાયકલયાત્રાના નોડલ અધિકારી દિપીકાબેન ચૌહાણે યાત્રાનો હેતુ સમજાવ્યો હતો.

ધગડમાળ નેવરી ગામના આધેડ દાજુભાઈ લાપતા

વલસાડ

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ધગડમાળ નેવરી, દાદરી ફળિયા ખુલ્લા મેદાનમાંથી દાજુભાઈ દેવચંદભાઈ માળચે મૂળ રહેવાસી માલણગામ, તા. સાકરી જી.ધુલીયા તા.૦૧/૧૧/૨૦૧૮ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યાની આસપાસ કોઈને પણ કહયા વગર ક્યાંક ચાલી જઈ ગુમ થયા છે. ગુમ થનારની ઉંમર ૪૫ વર્ષ છે. આ વર્ણનવાળી વ્યક્તિની જો કોઈને ભાળ મળે તો પારડી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

સોમનાથ ખાતે પરંપરાગત કાર્તિકી પૂર્ણીમાના મેળાનો પ્રારંભ કરાવતા સાંસદ ચુનીભાઈ ગોહેલ

સરદાર સાહેબ અને સોમનાથ ફોટો ગેલેરી પ્રદર્શન ખુલ્લુ મુકાયુ, સૌરાષ્ટ્રનાં નામી અનામી કલાકારો લોક-સાહિત્ય ભજનની રમઝટ બોલાવશે

સ્વચ્છતાના સંદેશ માટે સેલ્ફી પોઈન્ટ તૈયાર કરાયા - તા. ૧૯ થી પ્રારંભ થયેલ મેળાનું તા. ૨૩ નાં રોજ સમાપન કરાશે



ગીર-સોમનાથ : ભારતવર્ષનાં આસ્થા કેન્દ્ર ભગવાન સોમનાથ દાદાનાં સાનિધ્યમાં સદભાવના મેદાનમાં આજે સાંજના રાજયસભાના સાંસદ ચુનીભાઈ ગોહેલે રીબીન કાપી પરંપરાગત કાર્તિકી પૂર્ણીમાનાં મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજીત ભવ્ય મેળો સતત પાંચ દીવસ તા. ૨૩ સુધી યોજાનાર છે.

મેળાનાં આર્કષમા વિવિધ રાઈડ્સ, સરદાર સાહેબ અને સોમનાથનાં ફોટો પ્રદર્શન, હેન્ડીકાફ્ટ સ્ટોલ, ઓડીયો વિઝયુલ પ્રદર્શન યોજાનાર છે. શ્રીમદ ભાગવત ગીતાસાર પ્રદર્શન, ગૌપાલન અને ગાય માતાનું મહત્વ દર્શાવતી પ્રતિકૃતિ લોકો નિહાળી શકશે. મેળામાં વિવિધ સ્થળોએ સેલ્ફી પોઈન્ટ તૈયાર કરી સ્વચ્છતા અંગેની જાગૃતિનાં મેસેજ પણ લોકોને મળશે. મેળામાં આવતા લોકોને કચરો ગમે ત્યાં ન નાંખે તે માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર દ્વારા કચરો એકઠો કરવા થેલીઓ આપવામાં આવશે. સરકારીના ઈન્ડેક્ષ-સી વિભાગ તરફથી ગૃહ ઉધોગ હસ્તકલાના આબેહુબ સ્મૃતિઓના સ્ટોલ અને અન્ય આકર્ષણો રાખવામાં આવેલા છે.

મેળાનાં પ્રથમ દીવસે મેઘાબેન ભોસલે, બીજા દીવસે સુરીલી સરગમ દ્વારા નરસિંહ મહેતાનાં જીવન પર આધારિત નાટ્ય નૃત્યની પ્રસ્તુતી, ત્રીજા દીવસે અલ્પાબેન પટેલ, હરીસિંહ સોલંકી, ચોથા દીવસે યોગેશગીરી ગૌસ્વામી, નારાયણ ઠાકર, પાંચમાં દીવસે લોક સાહિત્યકાર માયાભાઈ આહીર, બિરજુ બારોટ સહિતનાં કલાકારો દ્વારા પાંચ દીવસ સુધી ભજન ભક્તિ સાથે લોક સંસ્કૃતિને ઉજાગર કરવા ભજન અને લોક સાહિત્યની રમઝટ બોલાવશે. તા. ૨૨ અને ૨૩ નાં રોજ રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહિવટી તંત્રનાં સંયુક્ત ઉપક્રમે રાસગરબા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે.

આ પ્રસંગે રાજ્ય બીજ નિગમના ચેરમેન રાજશીભાઈ જોટવા, નગરપાલીકાના પ્રમુખ મંજુલાબેન સુયાણી, પુર્વ મંત્રી જશાભાઈ બારડ, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, પ્રવાસન નિગમના ડિરેકટર ઝવેરીભાઈ ઠકરાર, ગુજરાત રાજ્ય મેરીટાઈમ બોર્ડના ડિરેકટર કિશોરભાઈ કુહાડા, નગરપાલીકાના પુર્વ પ્રમુખ જગદીશભાઈ ફોફંડી, અગ્રણી જગમાલભાઈ વાળા, પ્રવિણભાઈ રૂપારેલીયા, માનસિંગભાઈ પરમાર, લખમભાઈ ભેસલા, ચીમનભાઈ અઢીયા, સ્વામી નારાયણ ગુરુકુળના ભક્તિપ્રસાદ સ્વામી, ડી.ડી.ઓ. ધર્મેન્દ્રસિંહ રહેવર, જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી, અધિક કલેક્ટર એચ.આર.મોદી, મામલતદારશ્રી દેવકુમાર આંબલીયા, સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છને ત્વરીત અછતગ્રસ્ત જાહેર કરી સત્વરે રાહત કામગીરી હાથ ધરી છે: મુખ્યમંત્રી

પાણી તેમજ ઘાસચારાની પર્યાપ્ત સુવિધા ઉભી કરવા રાજય સરકારનું સુચારૂ આયોજન



● માધાપર ગૌરક્ષણ સંસ્થા સંચાલિત ગૌશાળાની મુલાકાત લેતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી
● ૫૦૦થી વધુ પશુઓની સાર સંભાળ અને વ્યવસ્થાપન થી પ્રભાવિત થતા મુખ્યમંત્રી
● ગૌપૂજન તેમજ ગાય માતાને ઘાસચારો અર્પણ કરતા મુખ્યમંત્રી

કચ્છના અછતગ્રસ્ત વિસ્તારોની સમીક્ષા માટે મૂલાકાતે આવેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ માધાપર ગૌશાળાની મુલાકાત લેતા જણાવ્યું હતું કે, પ્રવર્તમાન પરિસ્થિતિને જોતાં રાજય સરકાર દ્વારા કચ્છ જિલ્લાને ત્વરીત અછતગ્રસ્ત જાહેર કરી સત્વરે રાહત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ વિકટ પરિસ્?થિતિમાં રાજય સરકાર કચ્છના લોકોની સાથે હોવાનું અને પાણી તેમજ ઘાસચારાની પ્યાપ્ત સુવિધા ઉભી કરવા માટે સંવેદનશીલ સરકાર દ્વારા સુચારૂ આયોજન કરવામાં આવી રહ્યું છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું કે, હાલ પ્રાયોગિક ધોરણે પંજાબથી ઘાસચારો મંગાવી પશુઓને આપવામાં આવી રહયો છે. તેની યોગ્ય ચકાસણી તેમજ સાનુકુળતા જોઇ વિપુલ પ્રમાણમાં પંજાબથી પશુઓ માટે ઘાસચારો મંગાવામાં આવશે. મુખ્યમંત્રીએ માધાપર સ્થિત ૫૦૦થી વધુ પશુધન પાલક ગૌશાળાની મુલાકાત લીધી હતી તેમજ સંસ્થા દ્વારા ગાયોની લેવામાં આવતી સાર સંભાળ અને વ્યવસ્થાપન માહિતી મેળવી હતી. ત્યારબાદ રૂપાણીએ ગૌમાતાનું પૂજન કર્યું હતું અને ગૌમાતાને ગોળ-ઘાસચારો આપ્યા હતા.

માધાપર નવાવાસ ગામના સરપંચ પ્રેમીલાબેન તેમજ સંસ્થાના પ્રમુખ અરજણભાઈ શિવજીભાઈ તેમનું મોમેન્ટો આપી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મહેસુલ મંત્રી કૌશિકભાઇ પટેલ, રાજયમંત્રી વાસણભાઇ આહિર, તાલુકા સદસ્ય દિલીપભાઇ ત્રિવેદી, હિતેશભાઈ ખંડોર, ધનજીભાઈ ભુવા, વેલજીભાઈ ભુડીયા, ગોવિંદભાઈ ખોખાણી, અરજણભાઈ દેવજીભાઈ ભુડીયા, કૌશલ માધાપરીયા, જિલ્લા કલેકટર રેમ્યા મોહન, જિલ્લા વિકાસ અધિકારી પ્રભવ જોશી, તાલુકા વિકાસ અધિકારી આર.એમ સોની, એ સ . ડી . એ મ એ.કે.વત્સાણી, પશુ ચિકિત્સક હરેશ ઠક્કર તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ આ તકે ઉપસ્થિત રહી મુખ્યમંત્રીની ગૌશાળાની મુલાકાતને વધાવી હતી.

અંક્લેશ્વર GIDC નજીક આવેલ કોસમડી ગામે આવેલ સોસાયટીમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો



ભરૂચ જીલ્લા ના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ નાઓની સુચના મુજબ ભરૂચ એલ.સી.બી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર પી.એન.પટેલ ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી ના પોલીસ સબ ઈન્સ.વાય.જી.ગઢવી તથા પોલીસ સબ ઈન્સ. કે.જે.ધ્રુક તથા ટીમ ના પોલીસ માણસો મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ અંક્લેશ્વર વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન એલ.સી.બી ના પો:કો.સરફરાજ નાઓને બાતમીદાર મારફતે બાતમી હકીકત મળેલ કે બે ઈસમો એક રાંધણ ગેસ નો બોટલ તથા એક ટી.વી. કાપડ મા વીંટાળીને અંક્લેશ્વર રાજપીપળા રોડ ઉપર આવેલ મીરાનગર ના રીક્ષા સ્ટેન્ડ નજીક ફુટપાથ ઉપર શકમંદ હાલત મા બેસેલ છે. જે મળેલ હકીકત આધારે પોલીસ ટીમના માણસો એ બે ઈસમો જેમા (૧) ભરતભાઇ ઉર્ફે દિપકભાઇ પરસોત્તમભાઇ વસાવા ઉ.વ.-૩૦ રહે-નવી સુરવાડી ટેકરી ફળીયુ તા-અંક્લેશ્વર તથા (૨) મહેશભાઇ રાવજીભાઇ વસાવા ઉ.વ.-૩૨ રહે- નવી સુરવાડી સરપંચ ફળીયુ તા-અંક્લેશ્વર જી-ભરૂચ મુળ રહે-સાધલી, ટાંકી વાળુ ફળીયુ તા-શિનોર જી-વડોદરા નાઓને કાપડ મા વીંટાળેલ ગેસ બોટલ તથા ટી.વી સાથે અટકાવી તપાસ કરતા ઇન્ડેન કંપનીનો ન્ચ રાંધણ ગેસનો બોટલ તથા ઇન્ટેક્ષ કંપનીનું એલ.સી.ડી ટી.વી મળી આવેલ જેથી મળી આવેલ મુદ્દામાલ બાબતે પુછપરછ કરતા ગલ્લા-તલ્લા કરી કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી આ મુદ્દામાલ તેઓએ ગુનાહીત પ્રવુતિ થી ચોરી કરી મેળવેલ હોવાનો શક જતા મુદ્દામાલ તથા બન્ને ઇસમોને અટકાયત મા લઇ બન્ને ઇસમોની પુછપરછ કરતા મળી આવેલ મુદ્દામાલ તેઓએ ચારેક દિવસ અગાઉ વાલીયા રોડ ઉપર કોસમડી ગામ નજીક આવેલ સંસ્કારધામ સોસાયટી મા એક બંધ મકાનને મારેલ તાળુ તોડી તે મકાન માંથી ચોરી કરી મેળવેલ હોવાની કબુલાત કરેલ જે અંગે ખાત્રી કરતા અંક્લેશ્વર ટેંઢ્ઢઝ પો.સ્ટે. ઇ.પી,કો.કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ ગુનો નોંધાયેલ હોય જેથી મળી આવેલ ગેસ બોટલ ની કી.રૂ.૧૫૦૦/-ગણી તથા ઇન્ટેક્ષ કંપનીના એલ.સી.ડી ટી.વી ની કી,રૂ.૧૭૦૦૦/-ગણી કુલ કી.રૂ.૧૮,૫૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી ઉપરોક્ત બન્ને ઇસમો તથા મુદ્દામાલ વધુ તપાસ અર્થે અંક્લેશ્વર જી.આઇ.ડી.સી પો.સ્ટે. મા સોંપવામાં આવેલ છે.

ભુજના ભૂજિયા ડુંગરમાં નિર્માણાધીન સ્મૃતિવનને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવામાં આવશે:મુખ્યમંત્રી

મુખ્યમંત્રીએ ભૂજિયા ડુંગર ખાતે ચાલી રહેલા વિકાસ કામોની જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક કરી સમીક્ષા કરી પ્રમાણસરના પાણીના હટ, ફૂડ કોર્ટ, ટોઇલેટ બ્લોક, પાર્કિંગ એરિયા, વિશ્રામ માટે બાંકડા સમેત સ્મૃતિવનને ટુરિસ્ટ ફ્રેન્ડલી બનાવાશે મુલાકાતીને કચ્છની સંસ્કૃતિ સાથે ભૂકંપ વખતના કચ્છની સ્થિતિની પણ અનુભૂતિ થાય એવું સંગ્રહાલય બનાવવા મુખ્યમંત્રીનું સૂચન ભૂજિયા ડુંગરના લેન્ડ સ્કેપિંગમાં એનજીઓને સાંકળવા તથા રોજગારીની તકો ઉભી થાય એવું આયોજન કરવા રૂપાણીનું આહ્વાન વર્ષ ૨૦૦૧ના ગોઝારા ભૂકંપમાં કચ્છમાં મૃત્યું પામેલા ૧૩૮૦૫ હુતાત્માઓની કાયમી યાદમાં ભૂજ સ્થિત ભૂજિયા ડુંગરમાં નિર્માણ પામી રહેલા સ્મૃતિવનને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવાની નેમ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ દર્શાવી છે. કચ્છની એક દિવસની મુલાકાતે આવેલા મુખ્યમંત્રીએ ભૂજિયા ડુંગર ખાતે ચાલી રહેલા વિકાસ કામોની જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક કરી સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં રૂપાણીએ જણાવ્યું કે, ભૂજિયા ડુંગરમાં આકાર પામી રહેલું સ્મૃતિજન દેશ અને વિદેશના પ્રવાસીઓને આકર્ષે એ પ્રકારે બનાવવાનું આયોજન છે. ભૂજિયા ડુંગરના ૪૭૦ એકર વિસ્તારમાં વિવિધ પ્રકારના કામો કરવામાં આવી રહ્યા છે. આ તમામ કામો ટુરિસ્ટ ફ્રેન્ડલી બનવા જોઇએ, તેવું રૂપાણીએ સૂચન કર્યું હતું.

તેમણે આ બેઠકમાં એવી પણ સૂચના આપી કે પ્રવાસીઓને કોઇ પણ પ્રકારની અગવડતા ન પડે એ પ્રકારની સુવિધા સ્મૃતિ વનમાં ગોઠવવી જોઇએ. પ્રમાણસરના પાણીના હટ, ફૂડ કોર્ટ, ટોઇલેટ બ્લોક, પાર્કિંગ એરિયા, બનાવવા પડશે. તદઉપરાંત, વિશ્રામ માટે બાંકડા મૂકવા પણ તેમણે કહ્યું હતું.

પોલીસની હાજરીમાં જ જુગારધામ..!! વીડિયો વાયરલ

પંચમહાલ

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના બોરૂની મુવાડી ગામમાં રાત્રીના સમયે પોલીસની હાજરીમાં જુગારધામ રમતા હોય તેવો વીડિયો વાયરલ થયો છે. બોરૂની મુવાડી ગામમાં કવ્વાલીના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. અને આ સમયે પોલીસ પણ હાજર હતી. જુગારીઓ પોલીસના ડર વીના જુગાર રમતા હતા. જેથી પોલીસ બેડામાં દોડધામ મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના બોરૂની મુવાડી ગામમાં બે દિવસ પહેલા રાત્રીના સમયે કવ્વાલીનું આયોજન કરાયું હતું. આ કવ્વાલીના બંદોબસ્તમાં પોલીસ પણ હાજર હતી. તેમ છતાં એક તરફ કવ્વાલી અને બીજી તરફ જાહેરમાં જુગાર ધામ ચાલતુ હતું. મોટી સંખ્યામાં જુગારીઓ જુગાર રમતા હતા. આ લોકોને પોલીસનો કોઇ ડર ન હતો. કારણ કે પોલીસ મુકપ્રેક્ષક બનીને જુગારધામ નીહાળી રહી હતી. આ સમયે ત્યાં હાજર કેટલાક લોકોએ આ ઘટનાનો વીડિયો ઉતારી લીધો હતો. અને શોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો. આ વીડિયો શોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પંચમહાલ પોલીસ બેડામાં દોડધામ મચી જવા પામી હતી.

રાજપીપળાના રામપુરા ધનેશ્વર મંદિરના મહંતની હત્યા વિરુદ્ધમાં સાધુઓનું કલેકટરને આવેદનપત્ર



રાજપીપળા:નાંદોદ તાલુકાના રામપુરા ગામે આવેલા ધનેશ્વર મહાદેવ મંદિરના મહંત રામપ્યારેદાસ ત્યાગીને જમીન મુદે શનિવારના રોજ ગોપાલપુરા ગામના યશપાલસિંહ ગોહિલ અને બીજા અન્ય ૧૦ લોકો દ્વારા બેટ અને લાકડીઓ વડે ઢોરમાર માર્યો હતો જેને કારણે રાજપીપલા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મહંતનું મોત નીપજ્યું હતું.જોકે આ ગુનાના આરોપીઓ અત્યારે પણ પોલીસ પકડથી દૂર હોવાથી સાધુઓમાં ભારે રોષ ફેલાયો છે.તો સોમવારે મહંતની જળસમાધી બાદ સનાતન ધર્મ પરિસદના નેજા હેઠળ મોટી સંખ્યામાં સાધુઓ નર્મદા જિલ્લા કલેકટર કચેરી ખાતે જય શ્રી રામના નારા સાથે ધસી આવ્યા હતા.અને મહંતની હત્યાના વિરોધમાં નર્મદા જિલ્લા કલેકટર આર.એસ.નિનામાનો આવેદનપત્ર પાઠવ્યું હતું.

સનાતન ધર્મ પરિષદના સાધુઓએ આવેદનપત્રમાં રોષ વ્યકત કરતા જણાવ્યું હતું કે આ ઘટના બને ૩ દિવસ થઈ ગયા છતાં મુખ્ય આરોપી સહિત અન્ય લોકો પોલીસ પકડથી કેમ દૂર છે.અગાઉ મહંત રામપ્યારેદાસ ત્યાગીજીએ પોતાના જીવને ખતરો હોવાનું કારણ આગળ ધરી નર્મદા જિલ્લા પોલીસને લેખિત રજુઆત પણ કરી હતી.તે છતાં એમને કેમ કોઈ રક્ષણ ન અપાયું જો પ દિવસ પેહલા મહંતને પોલીસ રક્ષણ અપાયું હોત તો આજે તેઓ જીવિત હોત.હવે પોલીસ પ્રોટેકશનનો કોઈ જ મતલબ નથી.અમને નર્મદા જિલ્લાની પોલીસ પર હવે કોઈ ભરોસો રહ્યો નથી પોલીસની ભૂમિકા પણ શંકાસ્પદ જણાય છે,જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં આ કેસની તપાસ CBI ને સોંપવામાં આવે એવી સમગ્ર સાધુ સમાજની માંગ છે.

સામખિયાળીના આધોઈ છાયાવાડી વિસ્તારમાંથી દોઢ લાખનો દારૂ પકડાયો



ભુજ કચ્છઃ સામખિયાળીના આધોઈ છાયાવાડી વિસ્તારમાં પોલીસે મોડી રાત્રે દરોડો પાડ્યો હતો. આધોઈના છાયાવાડી વિસ્તાર ખાતે પકડાયેલા આરોપીનો નામ નીચે મુજબ છેઃ રામજી કાનજી કોળીની વાડીએ દરોડો કરતા આરોપીઓ રવિન્દ્ર જેઠાલાલ ચૌહાણ (ઉ.વ.૨૦ રહે.ભારતનગર ,ગાંધીધામ),રામસીંગ હોથીભાઈ કોળી (ઉ.વ.૨૮ રહે. ભારતનગર ,ગાંધીધામ), સમીરભાઈ નરેશભાઈ સથવાર (ઉ.વ.૨૧ રહે.ભારતનગર ,ગાંધીધામ), રામજી કાનજી કોળી (રહે. છાયાવાડી આધોઈ તા.ભચાઉ) વાળા એક બીજાની મદદગીરીથી ભારતીય બનાવટનો પરપ્રાતિય ઇંગલિશ દારૂની ૭૫ એમ.એલ.ની કુલ બોટલો નંગ ૩૩૬ તથા બિયર ટીન નંગ ૨૯૬ જેની કુલ કી.રૂ.૧,૪૭,૨૦૦નો ગેરકાયદેસર વગરવ પાસ પરમીટ પોતાના કબ્જામાં રાખી તથા દારૂની હેરાફેરીમાં વપરાયેલા ટાટા તીયાગો કાર રૂ.૬ લાખ તથા હીરો સ્પેલન્ડર કી.રૂ.૨૫૦૦૦ એમ કુલ રૂ.૭,૭૨,૨૦૦ મુદામાલ જમ કરવમાં આવેલ છે.

આ કામગીરીમાં સામખીયાળી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.આર. વાઘેલા, પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ.પી. જાડેજા, એ.એસ.આઇ. ભુપેન્દ્ર સિંહ જાડેજા, સુભાષભાઈ રાજગોર,ભરતભાઈ જાદવ, મહેન્દ્રસિંહ સોલંકી, ધ્રુવદેવસિંહ ઝાલા, જયકિશનસિંહ ઝાલા, અર્જુનસિંહ જાડેજા વગેરે આ કામગીરીમાં જોડાયા હતા.

અંકલેશ્વર શહેર પો.સ્ટે. વિસ્તાર હાઈવે પરથી ઈંગ્લીશ દારૂ ઝડપી પાડતી ભરૂચ એસ.ઓ.જી.પોલીસ

પોલીસ મહાનિરીક્ષકશ્રી અભય ચુડાસમા સાહેબ વડોદરા વિભાગ વડોદરા તથા ભરૂચ પોલીસ અધિક્ષકશ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબનાઓની સુચના મુજબ જીલ્લા દારૂની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ તે અનુસંધાને એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સપેકટર પી.એન.પટેલ તથા પોલીસ સબ ઈન્સપેકટર કે.એમ.ચૌધરી એસ.ઓ.જી. ભરૂચ તથા પોલીસ માણસો સાથે અંકલેશ્વર શહેર વિસ્તારમાં હાઇવે ઉપર પેટ્રોલીગમા હાજર હતા દરમ્યાન પોલીસ સબ ઈન્સપેકટર કે.એમ.ચૌધરી બાતમી આધારે મારૂતી સુઝુકી SX4 ZDI નંબર-GJ-06-EH-0388 ની આવતા ગાડીનો ચાલક તેમજ તેની બાજુમા બેસેલ ઇસમ પોલીસને જોઇ ગાડી મુકીને નાસી જતા તે ગાડીમાંથી બેગ પાઇપર ડીલક્સ વ્હીસ્કી ૧૮૦ મીલી ના બોક્ષ નંગ-૨૪ જેમા ભરેલ કુલ કવાટર નંગ-૧૧૫૨ ની કુલ કી.રૂ.૧,૧૫,૨૦૦/- તથા ગાડીની કુ.રૂ.૩,૦૦,૦૦૦/- મળી કુલ કી.રૂ.૪,૧૫,૨૦૦/- નો મુદામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. કામગીરી કરનાર પોલીસ અધિકારી/કર્મચારીઓ અ.હે.કો. વરસનભાઈ શંકરભાઈ તથા અ.હે.કો. રવિન્દ્રભાઈ નુરજીભાઈ તથા અ.હે.કો. ગજેન્દ્રસિંહ જેણસિંહ તથા અ.પો.કો. રાહુલભાઈ રાયજીભાઈ.

ગુજરાત રાજ્ય આરોગ્ય અને પરીવાર કલ્યાણ, તબીબી શિક્ષણ રાજ્ય મંત્રી કિશોરભાઈ કાનાણીએ ચેલૈયાધામની મુલાકાત લીધી

નવાગામનાં પાદરે શેઠશગાળા અને ચંગાવતી રાણીનાં અતિથ્યભાવને ઉજાગર કરતા ચેલૈયાધામ ખાતે તુલશીવિવાહનું આયોજન

જૂનાગઢ : ગુજરાત રાજ્ય આરોગ્ય અને પરીવાર કલ્યાણ, તબીબી શિક્ષણ રાજ્ય મંત્રી કિશોરભાઈ કાનાણી જુનાગઢ જિલ્લાનાં પ્રવાસે પધાર્યા ત્યારે જૂનાગઢના પાદરનાં ગામ એવા નવાગામ બિલખા ખાતે દેવદિવાળીનાં નવલાપર્વે ચેલૈયાધામ ખાતે ભગવાન નારાયણનાં દર્શન કરી શેઠ શગાળશા અને રાણી ચંગાવતીનાં તપોભુમિમાં ચાલતા સદાવ્રતની મુલાકાત લીધી હતી. આ તકે જગ્યાનાં મહંત રામરૂપ દાસજીએ મંત્રીને ચેલૈયાધામની ઐતિહાસીક બાબતોની જાણકારી આપી યાત્રીકો માટે દિવસભર ચાલતા અન્નક્ષેત્રની વિગતો આપતા જણાવ્યુ હતુ કે જ્યાં ટુકડો ત્યાં હરી ઢુકડો એવી કાઠીયાવાડી કહેવતને સોરઠી પરગણે સાર્થક કરતી ચેલૈયાધામની જાણકારી આપી હતી. મંત્રી કાનાણી શેઠશગાળશાની પાવન તપોભુમિના દર્શન કરી ધન્યાતા અનુભવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગરવા ગીરનારની ગોદમાં વસેલુ બિલખા-નવાગામ,અહીં વર્ષો અગાઉ સોરઠી હોંકારો ભણે એવા વણીક પરીવારની આતિથ્ય ભાવનાની પરાકાષ્ટાભરી ઈશ્વરે કસોટી કરી સોરઠધરાની પરોણાગત પરંપરાને જીવંત બનાવી દીધી હતી. એ જ વાતનો વારસો આપણે આજેય સાચવીને કાઠીયાવાડી ઓળખ પ્રસ્થાપીત કરી રહ્યા છે. બીલખા ગામ નાનકડુ અહી સર્વ સમાજના લોકો હળીમળીને ભાઈચારાની ભાવના સાથે હેતપ્રિતથી વસવાટ કરેછે. નવાગામના પાદરમાં ભકત ચેલૈયાધામ અને અહીં શેઠ શગાળશા અને રાણી ચંગાવતીની અનેરી પ્રભુભકિતની વાત ઉજાગર થતી આજે જોવા મળે છે. ભકત ચેલૈયાધામના મહંત રામરૂપદાસજીની પાવન નિશ્રામાં દેવદિવાળીનાં મહાપર્વે તુલશીવિવાહનું આયોજન કરવામાં આવ્યુ છે. તુલશીવિવાહ સંગાથે સંતઆશિષ અને સંતવાણી કાર્યક્રમમાં મોટાગજાના કલાકારો તેમના કંઠોની કોકીલવાણીથી સાહિત્ય રસની રસલ્હાણી પીરસશે. તુલશીવિવાહની સુંદર વ્યવસ્થાઓ મહંત રામરૂપદાજીના માર્ગદર્શન તળે સેવકગણે સુંદર રીતે આયોજીત કરી હોય આ વ્યવસ્થાઓ મંત્રીએ નિહાળી સંસ્કૃતિની રખેવાળી કરતી જગ્યાની ધર્મોત્સવ ઉજવણીમાં સહયોગી સૌ કાર્યકરોને શૂભકામના પાઠવી હતી.

સિવિલ હોસ્પીટલ ખાતે વર્લ્ડ રિમેમ્બર્સ દિવસ મનાવામાં આવ્યો



ભરૂચ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે રોડ વર્ષ દરમિયાન અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ નો કાર્યક્રમ યોજાયો હતો.

૧૮ નવેમ્બર વિશ્વ ભરમાં વર્લ્ડ રિમેમ્બર દિવસ તરીકે મનાવવા માં આવે છે.જેના ભાગરૂપે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા વર્ષ દરમિયાન અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોને મીણબત્તીઓ પ્રગટાવી બે મિનિટ મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

ત્યાર બાદ રોડ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થઈ બચી ગયેલા ભરૂચ ટ્રફિક બ્રેગેડના જવાન ગુલાબ રાવ મોરેને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગ ભરૂચ ૧૦૮ ના ઈએમઈ અશોક મિસ્ત્રી તથા૧૦૮ એમ્બ્યુલન્સનો સ્ટાફનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

લાકડીયા પોલીસ સ્ટેશનની હદમાંથી દેશી દારૂ સાથે કુલ ૭૫૯૦૦ નો મુદામાલ પકડી પાડતી આર.આર.સેલ ટીમ ભુજ

ભુજ કચ્છઃ પોલીસ મહાનિરીક્ષકશ્રી, ડી.બી.વાઘેલા સાહેબ સરહદી રેન્જ ભુજ નાઓની પ્રોહી,જુગારની બદી નેસ્ત નાબુદ કરવાની સુચના આધારે પોલીસ સબ ઇન્સપેકટર શ્રી જી.એમ.હડીયા સાહેબ આર.આર.સેલ ,ભુજના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ પરિક્ષિતસિહ જાડેજા તથા એ.એસ.આઈ મેઘજીભાઈ મહેશ્વરી તથા હે.કોન્સ.શિવરાજસિહ રાણા તથા પો.કો મહાવિરસિહ વાઘેલા નાઓ પ્રોહી જુગાર લગતા પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે ગાંગડાવાઢ ગામની સીમમાથી દેશી દારૂ ૧૨૦ લીટર જેની કિ.રૂ. ૨૪૦૦ તથા દેશી દારૂ ગાળવાના સાધનોની કિ.રૂ.૩૫૦૦ તથા ટ્રેક્ટર કી.રૂ ૭૦૦૦૦ એમ કુલ કિ.રૂ.૭૫૯૦૦ નો મુદામાલ પકડી પાડવામાં આવેલ છે. આ કામના આરોપી જુસબ ઓશામાણ ગાંગડ રહે. લાકડીયા તા.ભચાઉ વાળો હાજર નહી મળી આવેલ હોય જેના વિરૂધ્ધ લાકડીયા પોલીસ સ્ટેશનમાં ગુનો રજિસ્ટર કરવામાં આવેલ છે.

કોંગ્રેસ કાર્યકરોએ સ્વ.ઈન્દિરા ગાંધીની ૧૦૦ મી જન્મજયંતીની ઉજવણી કરી



પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીની ૧૦૦મી જન્મ જયંતિ પર ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રમુખ પરિમલસિંહ રણા, પૂર્વ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા, સંદિપ માંગરોલા, પ્રવકતા નાજુ ફડવાલા, વિકિ શોખી તથા કોંગી આગેવાનો અને કાર્યકરોએ 'ઈન્દિરા ગાંધી અમર રહો'ના નારા સાથે પૂર્વ વડાપ્રધાન સ્વ.ઈન્દિરા ગાંધીને પુષ્પાંજલિ અર્પિત કરી.

પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીનો જન્મ ૧૯ નવેમ્બર ૧૯૧૭એ રાજનીતિક રૂપથી પ્રભાવશાળી નહેરુ પરિવારમાં થયો હતો. એમના પિતા જવાહરલાલ નહેરુ અને એમની માતા કમલા નહેરુ હતી. ઈન્દિરા ગાંધી વર્ષ ૧૯૬૬ થી ૧૯૭૭ સુધી સતત ત્રણ વખત ભારત ગણરાજ્યની પ્રધાનમંત્રી રહયા અને ત્યાર બાદ ચોથી વખતમાં ૧૯૮૦ થી લઈને ૧૯૮૪માં એમની રાજનીતિક હત્યા સુધી ભારતની પ્રધાનમંત્રી રહ્યા હતા. ઈન્દિરા ગાંધી ભારતની પ્રથમ મહિલા પ્રધાનમંત્રી હતી. ઇંદિરા ગાંધી ૧૯૬૬ થી ૧૯૮૦ સુધી સતત ત્રણ વખત દેશની પ્રધાનમંત્રી રહી ત્યારબાદ ૧૯૮૦ થી લઈને ૧૯૮૪ સુધી ગાંધી ચોથી વખત પ્રધાનમંત્રી રહ્યા હતા.

પ્રથમ મહિલા વડાપ્રધાન સ્વ. ઈન્દિરાગાંધીની જન્મ જયંતિ નિમિત્તે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પરિમલસિંહ રણાએ જણાવ્યું કે, હંમેશને માટે તેમની યાદોને ભુલી શકાય તેમ નથી. આઝાદીની લડાઈથી લઈ સ્વતંત્રતા સુધી ઈન્દિરાજીનું આ દેશમાં મહત્વનું યોગદાન રહેલું છે. ૧૬ વર્ષ સુધી ભારતદેશના પ્રધાનમંત્રી રહી આ દેશની અંદર સામાજિક, આર્થિક અને રાજનિતિમાં તેમણે ઉન્નતિનું કાર્ય કરેલું છે.પાકિસ્તાન જેવા દેશને વિભાજિત કરી ભારત દેશના સહયોગથી બાંગલાદેશને નવો બનાવવાનું કાર્ય કર્યું અને સમગ્ર વિશ્વમાં એક લોખંડી મહિલા તરીકે તેમનું નામ ફલીત થયું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી એ રજાના દિવસે પણ ૧૦૦૦ ટિકિટો વેચાઈ : સરકાર રજાની જાહેરાત કરતી નથી ને પ્રવાસીઓ પરેશાન થાય છે

સોમવારે સ્ટેચ્યુ બંધની કોઈ સરકારે સત્તાવાર જાહેરાત કરી નથી, જેથી પ્રવાસીઓ આવીને અટવાય છે. પ્રવસીઓ એ હોબાળો મચાવતા જવા દીધાં

આ બાબતે હૈદરાબાદ થી આવેલા પ્રવાસી કૌશલ જૈને જણાવ્યું હતું કે સરકારે કોઈ જાહેરાત રજાની નથી કરી સોમવારે છુટ્ટી રાખી હતી એવી જાણ કરે એ જરૂરી છે,અમે આટલા દૂરથી આવ્યા છે તો વિશ્વની આટલી મોટી અજાયબી જોયા વગર જઈએ જે સારું નથી એટલે સરકારે વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઈએ અને કોઈ પણ પ્રવાસીઓ જોયા વિના રહી ના જાય જેનું ધ્યાન રાખવું જોઈએ એમ જણાવ્યું હતું .

રાજપીપળા : સોમવારે રજાના દિવસે ગુજરાત સહીત અન્ય રાજયોમાંથી આવેલા એક હજાર થી વધુ પ્રવાસી ઓ સિડ્યુલ પ્રમાણે નર્મદા ડેમ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવ્યા ત્યારે બંધ હોય તેમને ટિકિટ આપવામાં આવી નહિ, જેથી પ્રવાસીઓ એ હોબાળો મચાવ્યો હતો અને ટિકિટ આપવાની માંગણી કરી હતી, રવાસીઓ નો હોબાળો જોઈ તંત્ર દોડી આવ્યું અને પાછળથી ટિકિટ બારી શરૂ કરાઈ અને ૧૦૦૦ જેટલા પ્રવાસીઓ સોમવારે ગેલેરીમાં જઈ શક્યા હતા

સોમવારે સ્ટેચ્યુ બંધ ની કોઈ સરકારે સત્તાવાર જાહેરાત કરી નથી, સ્ટેચ્યુ ની મોટી મોટી જાહેરાતો આવે છે પણ સોમવારે રજા હોય પ્રવાસીઓએ સ્ટેચ્યુ જોવા આવવું નહીં તેવી કોઈ જાહેરાત કોઈપણ ન્યૂઝ ચેનલો માં કે અખબારો માં મૂકી નથી જેથી પ્રવાસીઓ દૂર દૂર થી આવીને અટવાય છે. આજે સોમવારે એક મોટું ટોળું પ્રવાસીઓનું આવ્યું પરંતુ જોયું તો સ્ટેચ્યુ બંધ હતું જેથી પ્રવાસીઓએ હોબાળો મચાવ્યો પ્રવાસીઓ એ હોબાળો મચાવતા જવાબદાર સ્થાનિક અધિકારીઓ આવી ગયા હતા. જોકે સોમવારે રજા હોવા છતાં ઓનલાઈન બુકીંગ કેમ કરવા માં આવે છે.એ સવાલ ઉઠ્યો હતો.

મુખ્યમંત્રીના હસ્તે ભુજ કલેકટર કચેરીના જન સુવિધા કેન્દ્રમાં ચાર લાભાર્થીઓને ઓનલાઈન બિન ખેતી પરવાનગીના હુકમોનું વિતરણ



ભુજ : રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આજે તેમના કચ્છ જિલ્લાના પ્રવાસ દરમ્યાન ભુજ કલેકટર કચેરીના જનસુવિધા કેન્દ્ર ખાતે હેલ્પ ડેસ્કમાં ઓનલાઈન બિન ખેતી અરજી કરનાર ચાર લાભાર્થીઓના મંજુર કરાયેલ બિન ખેતીના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજય સરકાર દ્વારા તાજેતરમાં વિના વિલંબે લાભાર્થીઓને બિન ખેતીના હુકમો મળી શકે તે માટે જે તે જિલ્લાની કલેકટર કચેરી ઓફિસોમાં ઓનલાઈન અરજી કરીને બિન ખેતી પરવાનગી મેળવવાની કાર્ય પધ્ધતિ ઓનલાઈન અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઓનલાઈન બિન ખેતીના હુકમો મુખ્યમંત્રીના હસ્તે લાભાર્થીઓમાં શિણાય ગામના ભાવેશ કે.વાભિયા, માધાપરના ભરત એચ.કોઠારી, મીઠીરોહરના જનકસિંહ પ્રભાતસિંહ સોલંકી અને ભુજ શહેરના વિરમ કરસન ચાડ ને આપવામાં આવ્યા હતા.

ભરૂચ શહેરમાં આલી હરીજનવાસ માંથી વરલી મટકાનો જુગાર રમાડતી મહિલાને LCB એ ઝડપી લીધી

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક તરફથી જિલ્લામાં દારૂ જુગાર સદંતરપણે નાબુદ કરવા પ્રોહી તથા જુગાર અંગેની ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન.પટેલની સુચના તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.જે.ધડુક ના માર્ગદર્શન મુજબ જુગારધારાનો કેસ શોધી કાઢી મહિલા આરોપીને પકડી પાડેલ છે.પકડાયેલ આરોપી નુરબીબી અહમદભાઈ બિસ્કિટવાળા રહે. મુંડા ફળીયું મરકજ મસ્જીદ પાસે તા.જી.ભરુચ પાસેથી રોકડા રૂપિયા-૧૫,૫૪૦/- તથા મોબાઇલ નંગ-૧ જેની કિ,રૂ.૨૦૦૦/- આમ કુલ મુદામાલ કિ.રૂ. ૧૭,૫૪૦/-નો જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગરમાં પિતાની છત્રછાયા ગુમાવનાર ૨૮૧ દીકરીઓના સમુહ લગ્નમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિ





સમુહ લગ્નથી ગુજરાતની સામાજીક, ધાર્મિક સમરસતાનો સંદેશ સમગ્ર દેશને મળ્યો છે : મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી

પિતાની છત્રછાયા ગુમાવનાર હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તીની ૨૮૧ દીકરીઓના સમુહ લગ્ન

ભાવનગર

ભાવનગરમાં પિતાની છત્રછાયા ગુમાવનાર ૨૮૧ દીકરીઓના સમુહ લગ્નમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નવદંપતિને આશિષ આપતા જણાવ્યું હતું કે, ભાવનગરના આ સમુહ લગ્નથી ગુજરાતની સામાજીક, ધાર્મિક સમરસતાનો સંદેશો સમગ્ર ભારતને મળ્યો છે.

ઉધોગપતિ લખાણી પરિવાર દ્વારા ''લાડકડી'' ભવ્ય સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. આ વેળાએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ સમુહ લગ્નમાં જ્ઞાતિ, જાતિ કે ધર્મનો ભેદ ન રાખી તમામ જરૂરિયાતમંદ દિકરીઓના લગ્નને બિરદાવતા કહ્યુ હતું કે, ગુજરાત સમગ્ર ભારત દેશને રાહ બતાવી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે, દિકરી તેના લગ્ન બાદ બે પરિવારોને સાચવતી હોય છે. ગરીબ પરિવારો માટે લગ્નમાં જાન લઇ જવા હેતુ રૂ. ૧,૨૦૦ થી ૨,૦૦૦ સુધીના ભાડાની બસ સુવિધા સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે તેમ જણાવી સૌને નૂતનવર્ષની શુભકામના પાઠવી હતી.

કેન્દ્રિય રાજયમંત્રી મનસુખભાઇ માંડવીયાએ અહિ લગ્નમાં જ્ઞાતિ, જાતિ કે ધર્મનો ભેદ ન રાખી સામાજિક સમરસતાના દર્શન થયા છે તેમ જણાવ્યું હતું.

વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ ભાવનું નગર એટલે કે ભાવનગર. જયાં સમુહ લગ્નથી સ્વર્ગ ઉતર્યુ છે તેમ જણાવી નવદંપતિઓને શુભેચ્છા પાઠવી હતી.

આ સમૂહલગ્નોત્સવમાં રાજયના બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબેન દવે, ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા, સાંસદ ભારતીબેન શિયાળ, સ્થાનિક ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી સહિત સમાજ અગ્રણીઓ મોટી સંખ્યામાં નવદંપતિઓને આશિર્વાદ આપવા ઉપસ્થિત રહ્યા હતા.

આસ્થાના પ્રતિકસમા માતાનામઢ ધામના વિકાસ માટે કોઇ કચાશ નહીં રખાય: મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ માતાના મઢ ખાતે આશાપુરા માતાના દર્શન કર્યા

મહેસુલમંત્રી કૌશિકભાઈ પટેલ તેમજ આઈ.કે.જાડેજાએ માતાજીના કર્યા દર્શનઃ કાલાવાડથી માતાજીના દર્શનાર્થે આવેલ પદયાત્રી રાજપુત–જાડેજા પરિવારોના યાત્રિકોને મુખ્યમંત્રીએ નવા વર્ષની શુભકામના પાઠવી



ભુજ : આજે કચ્છની એક દિવસની મૂલાકાતે આવેલા રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને તેમના ધર્મપતનિ અંજલીબેન રૂપાણીએ સજોડે માતાના મઢમાં આશાપુરા માતાજીના શ્રધ્ધા-ભાવ સાથે દર્શન કરી આરતી ઉતારી શ્રીફળ-ચુંદડી અર્પણ કર્યા હતા.

કચ્છના મહેમાન બનેલાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે સવારે હવાઈ માર્ગે સીધા માતાનામઢ પહોંચી આશાપુરાના દર્શન કરી સજોડે આરતી ઉતારી સૌ માટે મંગલકામના કરી હતી. મા આશાપુરાની પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી ગુજરાતની ઉન્નતિ અને સર્વાંગી પ્રગતિની અને કચ્છમાં ઊભી થયેલી અછતની પરિસ્થિતિનો સમગ્ર કપરો સમય સારી રીતે પાર પડે અને આગામી વર્ષે સારા વરસાદ થાય તે માટે પણ તેમણે આશાપુરા માતાના ચરણમાં પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે રાજયના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ, આઈ.કે.જાડેજા પણ માતાજીના દર્શન-પૂજન કર્યા હતા.

આશાપુરા મંદિરે માતાજીના દર્શન બાદ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાદિપતિ રાજાબાવા યોગેન્દ્રસિંહજી તેમજ માતાના મઢ જાગીરના ટ્રસ્ટીઓ સાથે બેઠકમાં આસ્થાના પ્રતિકસમા માતાનામઢના વિકાસ માટે રાજય સરકાર દ્વારા કોઇ કચાશ નહીં રખાય તેમ જણાવી કચ્છના મહત્વના ધામને વિકસાવવામાં સરકાર જે કંઇ પણ ખર્ચની જરૂરિયાત હશે તે પૂરી કરાશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે માતાના મઢ ગામના સરપંચ સુરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા ભાજપના મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે, જાગીરના ટ્રસ્ટીઓ પ્રવિણસિંહ વાઢેર, મહેશોજી સોઢા, રમેશ જોશી, હિંમતસિંહજી સોઢા, કરણસિંહ સોઢા, કાલાવાડ રાજપુત સમાજના અગ્રણીઓ સહિત ખેંગારજી જાડેજા, રમેશભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

માતાના મઢ પધારેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને તેમના ધર્મપત્નિ અંજલીબેન રૂપાણી, મહેસુલમંત્રી કૌશિકભાઈ પટેલ, આઈ.કે.જાડેજાનું જાગીર વતી સ્વાગત સન્માન કરાયું હતું.

બાદમાં જામનગર કાલાવાડ રાજપૂત-જાડેજા સમાજના આગેવાન રાજેન્દ્રસિંહ જાડેજા પરિવારજનો તેમજ માનતા રાખી કાલાવાડથી આવેલા ૧૫૧ પદયાત્રીઓ, માતાનામઢના દર્શનાર્થીઓના કાર્યક્રમને સંબોધતાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કચ્છના પ્રવાસ દરમિયાન કાર્યક્રમની શરૂઆત કરવા પહેલા નૂતન વર્ષમાં આશાપુરા માતાજીના દર્શન થઈ જાય અને પછી કચ્છના કામ શુભ શ્રધ્ધા વ્યકત કરી જામનગરના કાલાવાડથી આવેલા ૧૫૧ પદયાત્રાઓ અને માતાના દર્શનાર્થે આવેલા શ્રધ્ધાળુઓને આગામી નવા વર્ષની શુભકામના પાઠવતાં નવું વર્ષ ભારત માટે મહત્વનું બની રહેશે તેમ જણાવી ભારત જગદગુરૂ બને તે અને સૌને વ્યકિતગત તેમજ પારિવારિક જીવનમાં પ્રગતિની ભગવાન શકિત સાથે માતાજીની કૃપા રહે તેવી નવા વર્ષની શુભકામના પણ પાઠવી હતી.

આ પ્રસંગે કાલાવાડ રાજપૂત સમાજ તેમજ જાડેજા પરિવાર દ્વારા યોજાયેલા મુખ્યમંત્રી તેમજ તેમના ધર્મપતનિ અંજલિબેનનું પણ આ અવસરે સન્માન કરાયું હતું.

આ અગાઉ હેલીપેડ ખાતે રાજયના મુખ્યમંત્રી આવી પહોંચતાં રાજયના મહેસુલમંત્રી કૌશિકભાઈ પટેલ, આઈ.કે.જાડેજા, કચ્છ ભાજપના મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે, માતાનામઢના સરપંચ સુરેન્દ્રસિંહ જાડેજા, કચ્છ-બનાસકાંઠા રેંજ આઈ.જી. વાઘેલા, પ્રાંત અધિકારી રાઠોડ સહિત આગેવાનોએ તેમનું સ્વાગત કર્યું હતું.

તા.૨૨ મી નવેમ્બરે ભરૂચ ખાતે સ્વચ્છ ભારત સાયકલયાત્રાનું આગમન

ભરૂચ : મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે ''સ્વચ્છ ભારત સાયકલ યાત્રા'' નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૨ મી નવેમ્બરના રોજ સ્વચ્છ ભારત સાયકલ યાત્રાનું ભરૂચ જિલ્લામાં આગમન થશે. આ સાયકલ યાત્રાનું દર્શન હોટલ, પાનોલી, ને.હા.નં.૪૮ તા.અંકલેશ્વર ખાતે સાંજે ૦૪:૦૦ કલાકે સ્વાગત કરાશે ત્યારબાદ હોટલ શીવકૃપા, માંડવા, ને.હા.નં.૪૮, તા.અંકલેશ્વર ખાતેથી સાંજે ૦૫:૦૦ કલાકે પ્રસ્થાન થશે અને ઓમકારનાથ ઠાકુર ટાઉન હોલ ભરૂચ ખાતે ૦૬:૪૫ કલાકે સાયકલીસ્ટોને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવશે.

ઈતિહાસ માં પહેલીવાર

રાણપુરના ઉદ્યોગપતિ દ્વારા ધી જન્મભુમિ હાઈસ્કુલમા સાથે ભણતા ક્લાસ વર્ગના ૫૦ વર્ષ જુના વિદ્યાર્થીઓને બોલાવી ઉજવણી કરાઈ









૧૯૬૯ ની સાલમાં હાઈસ્કુલ છોડી હતી ૬૯ હજાર રૂપિયાનુ રાણપુર પાંજરાપોળ ને દાન કરાયુ

બોટાદ જીલ્લાના રાણપુર શહેરમાં જાણીતા ઉદ્યોગપતિ અને ટેક્ષપીન બેરીંગ્સ કંપનીના માલિક શ્રી ભુપેન્દ્રભાઈ ચુનીલાલ મકવાણા ૧૯૬૮ ની સાલમાં રાણપુર ની ધી.જન્મભુમિ હાઈસ્કુલ માં ભણતા હતા ૨૦૧૮ ના ચાલુ વર્ષ દરમ્યાન ૫૦ વર્ષ પુર્ણ થતા તેવો એ ધી.જન્મભુમિ હાઈસ્કુલના ક્લાસ વર્ગ માં સાથે ભણતા તમામ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને બોલાવીને બે દીવસ ઉજવણી કરી હતી જેમા ઉદ્યોગપતિ ભુપેન્દ્રભાઈ ચુનીલાલ મકવાણા દ્વારા ક્લાસ માં સાથે ભણતા તમામ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનુ સન્માન કરવામાં આવ્યુ સાથે સંગીત સંધ્યા,જુની રમતો જેવા કાર્યક્રમો યોજાયા હતા જયારે ભુપેન્દ્રભાઈ ચુનીલાલ મકવાણા અને મુકુંદભાઈ વઢવાણાની સાથે ભણતા તમામ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ ધી.જન્મભુમિ હાઈસ્કુલની મુલાકાત કરી હતી જે ક્લાસ વર્ગ માં ભણતા હતા તે ક્લાસમાં બેસીને જુની વાતો ને યાદ કરીને સૌ ભાવવિભોર થયા હતા આ અંગે ઉદ્યોગપતિ ભુપેન્દ્રભાઈ ચુનીલાલ મકવાણા સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે અમે ૧૯૬૮ ના વર્ષમાં સાથે ભણતા તમામ વિદ્યાર્થી,વિદ્યાર્થીનીઓએ સાથે મળીને ૫૦ વર્ષ પુર્ણ થતા ભવ્ય ઉજવણી કરી છે અમે સૌ ભેગા થતાની સાથે જ એક પુરાણીક યાદો ને વાગોળીને અમે સૌ ખુશ થયા છીયે ૧૯૬૯ ની સાલ માં અમે પરીક્ષા આપીને સ્કુલ છોડી તે અનુસંધાને ૬૯ હજાર રૂપિયાનુ દાન રાણપુર પાંજરાપોળ ને આપવામાં આવશે આ કાર્યક્રમમાં રાણપુર સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ ના પ્રમુખ અને ૧૯૬૮ના ક્લાસ વર્ગ મેમ્બર મુકુંદભાઈ વઢવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી અંતમાં રાણપુરના જાણીતા ઉદ્યોગપતિ ભુપેન્દ્રભાઈ ચુનીલાલ મકવાણાનુ વઢવાણા પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ

ભરૂચની એક હોટલના બે માળ બૌડાએ ઉપરના બે માળને સીલ કર્યા



ભરૂચના સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલ હોટલ એપલ ઈનના માલિકે પરવાનગી વગર જ ચોથો અને પાંચમો માળ બાંધી દેતા તેની સામે થયેલી ફરીયાદને આધારે આખરે બૌડાએ હોટલની ઉપરના બે માળને સીલ કરી દેતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

ભરૂચ શહેરમાં આવેલી હોટલ એપલ ઈન'ને ગ્રાઉન્ડ ફલોર તથા ત્રણ માળના બાંધકામની મંજૂરી મળી હતી.જાકે હોટલ સંચાલકો એ મંજૂરી ઉપરવટ જઈ ચોથા માળનું બાંધકામ શરૂ કરતા તેની સામે વિવાદ છેડાયો હતો. એક જાગૃત નાગરિકે ચોથા માળના બાંધકામ સામે બૌડામાં ફરિયાદ કરતા બૌડાએ તત્કાલીન ધોરણે બાંધકામને અટકાવ્યું હતું. જેની સામે હોટલ સંચાલકોએ બૌડામાં બાંધકામની મંજૂરી માંગી હતી.

પરંતુ હોટલના સ્થળ અને જગ્યા જાઈ ૨૦૧૬માંજ વધારાના માળના બાંધકામની મંજૂરી આપી ન હતી. આમ છતાં પણ નિયમોની ઐસી તૈસી કરી હોટલ સંચાલકોએ ચોથા અને પાંચમાં માળનું બાંધકામ શરૂ કરતા પુનઃ વિવાદ ઉભો થયો હતો.જેની સામે ફરી એક વખત ફરિયાદ થતા થોડા સમય પહેલાં બૌડાએ હોટલ સંચાલકોને નોટિસ આપી દસ દિવસમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા માટે જણાવ્યું હતું.છતાં બાંધકામ દૂર ન કરાતા આખરે આજરોજ બૌડાના અધિકારીઓએ હોટલ એપલ ઈનના ચોથા અને પાંચમા માળને સીલ કરી હોટલ ઉપર નોટિસબોર્ડ લગાડી દીધી હતી. ઉલ્લેખનીય છે કે સીલીંગની કાર્યવાહી દરમિયાન હોટલ સંચાલકોએ સીલીગ ન થાય તે માટે એડીચોટીનું જાર લગાવ્યું હતું.રાજકીય આગેવાનોને આગળ ધરવા છતાં પણ સીલીંગની કાર્યવાહી અટકી ન હતી.

સ્ટેચ્યુ પર જતા આવતા પ્રવાસીયોના કારણે વધતા અકસ્માતો, પોલીસે કાયદાનો કડક અમલ કરવો જરૂરી

નાંદોદ તાલુમાં રવિવારે ચાર અકસ્માત માં છ વ્યક્તિઓ ને ગંભીર ઈજા થતા સારવાર હે ઠ ળ





રાજપીપળા : નર્મદા જિલ્લા માં હાલ સ્ટેચ્યુ ઓફ યુનિટી ના કારણે બહાર થી આવતા પ્રવાસીયો ની સંખ્યા વધી અને એના કારણે નાના મોટા વાહનો ની અવર જવર વધતા અકસ્માતો વધ્યા જેના કારણે ગંભીર ઈજાઓ તથા અકમાત ના કારણે મોત ની ઘટના પણ વધતી જોવા મળે છે ત્યારે ખાસ કરીને શનિ રવિવાર ની રજા માં આ તકલીફ વધુ જોવા મળે છે આમ ગત રવિવારે નાંદોદ તાલુકા માં એકજ દિવસે ચાર અલગ અલગ અકસ્માત માં કુલ છ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થવાની ઘટના પોલીસ દફતરે નોંધાઈ હતી

રવિવારે નાંદોદના વીરપોર ગામે થયેલા અકસ્માત માં નરેન્દ્ર અંબાલાલ ગાંધી રહે,છાણી,વડોદરા ની પુરપાટ જતી સ્વીફ્ટ ગાડી નં.જી જી ૬ ડી જી ૩૪૭૧ એ આગળ ચાલતી મો.સા.નં.જી જે ૬ બી એસ ને પાછળ થી ટક્કર મારતા મો.સા.પર સવાર બંને વ્યક્તિઓ ને ગંભીર ઈજાઓ કરી ગુનો કર્યો જ્યારે બીજો અકસ્માત રાજપીપળા સબ જેલ પાસે થયો જેમાં ફરી.પ્રજ્ઞેશ રામી રહે,માલીવાડ રાજપીપળા ના પિતા મહેન્દ્રભાઈ ની મો.સા.નં.જી જે ૨૨ કે ૦૪૨૫ સાથે પુરપાટ આવેલી અંકિત મોતીભાઈ ચૌધરી ની મો.સા.નં.જી જે ૨૨ બી ૪૬૬૬ એ અથાડી મહેન્દ્રભાઈ ને ફેક્ચર કરી ગુનો કર્યો ત્યારબાદ એક અકસ્માત વડિયા જકાતનાકા પાસે થયો જેમાં સીટી રાઈડ ગાડી નં.જી જે ૦૬ એક્સ ૯૭૪૩ ના ચાલકે મો.સા.નં.જી જે ૦૫ ડી જી ૭૨૬૪ સાથે અથાડી એક ને ઈજા કરી જયારે છેલ્લો અકસ્માત ધારીખેડા બસ સ્ટેન્ડ પાસે થયો જેમાં મો.સા.નં.જી જે ૨૨ યુ ૫૯૮૧ ના અજાણ્યા ચાલકે ફરિયાદી સંજય ગણપતભાઈ વસાવા રહે, ખોજલવાસા,નાંદોદ ની મો.સા.નં.જી જે ૧૭,૧૩૨૦ સાથે અથાડતાં સંજય અને પાછળ બેઠેલા અન્ય એક યુવાન ને પણ ઈજાઓ કરી પોતાની મો.સા.સ્થળ પર મૂકી અકસ્માત કરનાર ફરાર થઈ જતા આ ચાર પૈકી બે અકસ્માત માં રાજપીપળા અને બે માં આમલેથા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે .

લો બોલો અકસ્માતો બાદ હવે સ્ટેચ્યુ પર ચોરીની પણ ઘટના બની

મહારાષ્ટ્રની મહિલાના ગળા માંથી સોનાનું મંગળસૂત્ર ખેંચી ગઠિયો ફરાર

ડેમ સાઈડ વ્યુ પોઇન્ટ સનસીટી પાસે બનેલી ઘટનામાં મહારાષ્ટ્રની મહિલાએ ચાલીસ હજારનું મંગળસૂત્ર ગુમાવ્યું

રાજપીપળા : હાલ નર્મદા ના કેવડિયા ખાતે આકર્ષણ નું કેન્દ્ર બનેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી ને નિહાળવા ખુબ મોટી સંખ્યા માં પ્રવાસીયો આવે છે ત્યારે એ તરફ ના માર્ગો પર અકસ્માતો વધ્યા છે અને હવે ચોરી ની ઘટના પણ પોલીસ દફતરે નોંધાઈ છે જેમાં મહારાષ્ટ્ર ના સીરપુર થી રવિવારે સ્ટેચ્યુ જોવા આવેલી એક મહિલા સાંજે પાંચેક વાગે ડેમ સાઈડ વ્યુ પોઇન્ટ સનસીટી પાસે પાસે પોહ્ચતાજ કોઈ એ એના ગળા માં પહેરેલું સોનાનું મંગળસુત્ર ખેંચતા મહિલાએ મંગળસૂત્ર પકડી લેતા એક તરફના ભાગનું લઘભગ ૪૦,૦૦૦/- રૂપિયા ની કિંમત નું અડધું મંગળસૂત્ર લઈ અજાણ્યો ગઠિયો ફરાર થઈ જતા આ મહિલાએ બુમાબુમ કરી પરંતુ ચોર ત્યાંથી નાસી છુટવામાં સફળ થતા આખરે મહિલા માં પતિ અનિલ આત્મારામ સિરસાઠ એ આ બાબતે કેવડિયા પોલીસ મથકે ફરિયાદ આપી હતી પોલીસે ચોરી ની ફરિયાદ દાખલ કરી ચોર ને પકડવા વધુ તપાસ હાથ ધરી છે તપાસ કેવડિયા પી એસ આઈ એ આર ડામોર કરે છે .

રામપુરા આશ્રમના મહંતને શાસ્ત્રોક્ત વિધિ મુજબ નર્મદા ઉતારવાહીનીમાં જળ સમાધિ અપાઈ



રામાનંદી સંપ્રદાય મુજબ આપી જળ સમાધિ

નર્મદે હર અને હર હર મહાદેવ ના જય ઘોષ સાથે રામપ્યારેદાસ અભિરામદાસ ત્યાગી ને નર્મદા નદી માં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે જલસમાધી આપવામાં આવી

રાજપીપળા : નાંદોદ તાલુકાના રામપુરા ગામે આવેલા ધનેશ્વર મહાદેવ મંદિર ના મહંત રામપ્યારેદાસ ત્યાગી ને શનિવાર ના રોજ યશપાલસિંહ અને બીજા અન્ય ૧૦ લોકો દ્વારા મહંત ને બેટ અને લાકડીઓ વડે ઢોરમાર માર્યો હતો જેને કારણે રાજપીપલા સિવિલ હોસ્પિટલ માં સારવાર દરમિયાન મહંત નું મોત નીપજ્યું હતું એ ઝઘડો જમીન વિવાદ નો હતો લગભગ દોઢ વર્ષ પહેલાં પણ યશપાલસિંહ સાથે મહંત ને બોલવાનું થયું હતું અને ત્યાર બાદ હમણાં જે ઘટના બની તે ઘટના ના કારણે મહંત રામપ્યારે ત્યાગી નું મોત નીપજ્યું હતું ત્યાગી મહંત રામાનંદી સંપ્રદાય ના હોવાથી આ સંપ્રદાય માં જળ સમાધિ આપવાની પરંપરા છે રાજસ્થાન, એમ પી, બિહાર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને બીજા રાજ્યો માંથી આ જલસમાધી માં સંતો શ્રદ્ધાંજલિ આપવા માટે આવ્યા હતા આ જળસમાધિ વૈષ્ણવ સમાજ ની પરંપરા પ્રમાણે આપવામાં આવે છે આ સંપ્રદાય પ્રમાણે મૃત્યુ બાદ પણ પોતાનું શરીર કોઈ જીવ જંતુ માટે ઉપયોગ માં આવે તેવું જણાવી રહ્યા છે .

પોલીસ બની બુટલેગર!? જાણો કયાં?





ગુજરાત સરકાર દારૂબંધી ના કડક અમલ માટે કાયદા ઘડે છે,ગુજરાત ના ડીજીપી કડક સૂચનાઓ અને કોંફરન્સ કરેછે,રોજ ટ્રકો અને નાની કારથી લઈ ખેપિયા પકડાય છે ત્યારે પ્રાસ કથિત વિડિઓ -ફોટા માં કહેવાય છે કે વડોદરા શહેર પોલીસ ના વાડી પોલીસ સ્ટેશન ના બે કોન્સ્ટેબલો એજ ખેપિયાગીરી ચાલુ કરી ને વડોદરા પોલીસ માથે કાળી ટીલી લગાડી.વિગત મુજબ કથિત વાડી પોલીસ સ્ટે.ના કોન્સ્ટેબલ દિપક અને સંજય બારોટ જ્ઞ૦૬.ઈઊ૧૦૧૫ માં પરપ્રાંતી વિદેશી બોટલ નંગ ૧૪૪ સાથે છોટાઉદેપુર પોલીસ ના હાથે ઝડપાઈ ગયા અત્રે ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર પોલીસે પોતાની ફરજ નિભાવી પોલીસ ને પણ દારૂ ની હેરાફેરી કરતા પકડી સરાહનીય કામગીરી કરી બતાવી ગુજરાત પોલીસ માં દાખલો બેસાડ્યો કે ગુન્હેગાર ભલે પોલીસ હોય કાયદા પાલન માં કોઈને બક્સવામાં નહીં આવવા જોઈએ

ઝઘડીયા જીઆઈડીસીની બ્રીટાનીયા કંપનીમાં થયેલ ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના તેમજ માર્ગદર્શન મુજબ ભરૂચ જીલ્લામાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા પોલીસ સ્ટાફ સાથે આવા ગુનેગારો શોધી કાઢવા ઝઘડીયા જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે ઝઘડીયા જીઆઈડીસી ની બ્રીટાનીયા પ્રા.લી.કંપનીમાં થયેલ ઈલેકટ્રીક સ્વિચો, કોપરના કેબલો તથા ગ્રાઈન્ડર મશીન નંગ - ૨, હેમર મશીન નંગ -૨, ડ્રીલ મશીન નંગ - ૨ મળી કુલ રૂ. ૫,૦૦૦૦૦/- ની ચોરીનો ગુનો ઝઘડીયા પો.સ્ટે.માં દાખલ થયેલ જે ગુનાના કામે નાસતો ફરતો આરોપી નરેશ ફતેસીંગભાઈ વસાવા રહે. નિશાળ ફળીયુ, નવાગામ મોટા, તા.ઝગડીયા,જી.ભરૂચનાને ઉપરોકત ગુનામા નાસતો ફરતો હોય તેને આજરોજ તા.૧૯/૧૧/૨૦૧૮ ના કલાક ૧૨:૪૫ વાગે પેરોલ ફર્લો સ્કોડ ભરૂચની ટીમે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ અર્થે આરોપીને ઝઘડીયા પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ભરૂચ પેરોલ ફર્લો સ્કોડના પો.સ.ઈ. જે.વાય.પઠાણ તથા સ્ટાફ ના માણસો ના ટિમવર્ક દ્વારા કરવામાં આવી છે .

રાજપીપળા ૧૦૮ દ્વારા રવિવારે વર્લ્ડ રિમેમ્બર ડે નિમિત્તે મૃતકોને શ્રદ્ધાંજલિ આપાઈ



રાજપીપળા:રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે રવિવારે ૧૦૮ એમ્બ્યુલન્સ ની ટિમ દ્વારા વર્લ્ડ રિમેમ્બર દિવસ નિમિત્તે અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓ ને શ્રદ્ધાંજલિ આપવા નો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો જેમાં ૧૦૮ ના ઈએમઈ મોહમ્મદ હનીફ સાથે ૧૦૮ નો સ્ટાફ તેમજ સિવિલ હોસ્પિટલ રાજપીપળા ના મેડિકલ ઓફિસરો સહીત સ્ટાફ એ હાજરી આપી મીણબત્તી સળગાવી બે મિનિટ નું મૌન પાડી શ્રદ્ધાંજલિ આપી હતી સાથે સાથે અકસ્માત સમયે લોકો ને મદદરૂપ થવા તેમજ પોતે પણ સલામત ડ્રાઈવિંગ કરવા સંકલ્પ લીધો હતો .

આખા વર્લ્ડ માં નવેમ્બર નો ત્રીજો રવિવાર રોડ,ટ્રાફિક અકસ્માત માં મૃત્યુ પામેલા વ્યક્તિઓ ને શ્રદ્ધાંજલિ આપવાના દિવસ તરીકે મનાવવામાં આવે છે

ભરૂચમાં સલૂનમાં તોડફોડ કરનારી મહિલાઓની પોલીસે અટકાયત કરી



ભરૂચના દહેજ બાયપાસ રોડ પર તા.૧૧મી નવેમ્બરના રોજ શ્રવણ ચોકડી નજીક આવેલ શિલ્પી સ્કવેરમાં આવેલ દિપ સલૂનમાં બપોરના સમયે અચાનક બે રિક્ષાઓમાં બેસી ૮ જેટલી મહિલાઓ ધસી આવી અને સલૂનમાં પ્રવેશી અંદરના ભાગે બેઝબોલ સ્ટીક અને લાકડીઓ વડે ભારે તોડફોડ કરી હતી.

ભરૂચ એ ડિવિઝન પોલીસે સમગ્ર મામલા અંગે સલૂનમાં લાગેલા સીસીટીવી કેમેરાના મળેલ ફૂટેજના આધારે સલુનમાં તોડફોડ કરનાર મહિલાઓમાં ૮ પૈકી ૬ની ઓળખ થતા પોલીસે જાતે સરકાર તરફે ફરીયાદી બની હતી.

પોલીસે દિપ યુનીસેકસ સલુનમાં રેકોર્ડ થયેલ ફૂટેજ મેળવી તેમાં તોડફોડ કરતી દેખાતી મહીલાઓ પૈકી મહીલાઓની આજે અટકાયત કરી આગળની કાર્યવાહી આરંભી હતી.